**સુવિચાર**

''સંબંધ અને પૈસા બંને ગુમાવવા સહેલા છે, પણ કમાવા અઘરા.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૦૫/૦૯/૨૦૨૫, શુક્રવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999

હરિૐ PENDAWALA

ગણેશ ચતુર્થી નિમિતે...

ચોકલેટ/કેસર/માવા સ્પે.પ્રસાદી પેંડી

નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ ભાદરવા સુદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૨૨૫


## ૧૧૪ આહીર વીર સપૂતોની અપ્રતિમ શૌર્યગાથાને ચિરંજીવી બનાવવા યાત્રા સમગ્ર દેશમાં ફરે છે

# અમરેલીમાં રેજાંગલા રજકળશ યાત્રાનું ઐતિહાસિક સ્વાગત

**ઈશ્વરીયા ગામથી શરૂ થયેલ યાત્રામાં કાર, બાઈક સહિતનાં હજારો વાહનો જોડાયા**

**માર્ગમાં ઠેકઠેકાણે શહેરીજનોએ ફૂલો વરસાવીને યાત્રાને આવકાર આપ્યો હતો**

**સમગ્ર શહેરમાં દેશભિકતનાં નાદે એકતા અને ગૌરવનો અહેસાસ ઉભો કરી દીધો**

**આહિર સમાજનાં યુવાનોએ સેનામાં સન્માનીત સ્થાન મળે તે માટેનો પ્રતિકાત્મક પ્રયાસ કરાયો**



અમરેલી, ૪


અમરેલી જિલ્લામાં આજે દેશભકિતનો એક અનોખો માહોલ સર્જાયો, કારણ કે આહિર રેજિમેન્ટની રચનાની માંગ સાથે દેશભરમાં ભ્રમણ કરી રહેલી રેજાંગલા રજ કળશ યાત્રા અમરેલી આવી પહોંચી. ૧૯૬૨ના ભારત–ચીનયુદ્ધમાંશહીદથયેલા ૧૧૪ આહિરવીરસપૂતોનીઅપ્રતિમ


**અનુસંધાન પાના ૬ ઉપર**


### ભાવનગર નેશનલ હાઈવે ઉપરની ઘટના

# બોલેરા પાછળ બાઈક ઘુસી જતાં બાઈકમાં સવાર ૨ વ્યકિતનાં મોત

### ડુંગર પોલીસ સ્ટેશન દ્વારા ધોરણસરની કાર્યવાહી



અમરેલી, તા. ૪

રાજુલા અને જાફરાબાદ પંથક માંથી પસાર થતા ભાવનગર


**અનુસંધાન પાના ૬ ઉપર**



## અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

**''અમર ડેરી'' અમર ત્રીભેટો, ધારી રોડ, અમરેલી.**

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./૭૭/૨૫–૨૬ — **તારીખ : ૦૪/૦૯/૨૦૨૫**

**સૂચનાપત્ર**

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૩મી વાર્ષિક સાધારણ સભા આગામી **તારીખ ૨૧/૦૯/૨૦૨૫ ને રવિવાર**ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે સેન્ટર ઓફ એકસેલન્સ, ET / IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેકટરી સામે નીચેના કામો માટે મળશે.

**: એજન્ડા :**

૧. ગત **તારીખ ૨૧/૦૯/૨૦૨૪** ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.

૨. દૂધ સંઘનું **તા.૩૧/૦૩/૨૦૨૫** આખરનું નિયામક મંડળ તથા ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલ સરવૈયુ, નફા–નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલ મંજુર રાખવા બાબત.

૩. એકિઝકયુટીવ કમિટી અને અન્ય કમિટીઓ દ્વારા **તા. ૦૧/૦૪/૨૪** થી **૩૧/૦૩/૨૫** સુધી કરાયેલ કામગીરીને બહાલી આપવા બાબત.

૪. નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સને **૨૦૨૪/૨૦૨૫** નાં નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત.

૫. દૂધ સંઘના સને **૨૦૨૪/૨૦૨૫** નો ઓડીટ મેમો તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લેવા બાબત.

૬. સને **૨૦૨૫/૨૦૨૬**નાં વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.

૭. માનનીય વડાપ્રધાનશ્રીને દુધમાંથી બનતી પ્રોડકટ ઉપર GST ઘટાડવા બદલ અભિનંદન આપવા બાબત.

૮. પ્રમુખશ્રી અથવા તેમની પરવાનગીથી અન્ય જે, રજુ થાય તેના પર ચર્ચા–વિચારણા કરવા બાબત.

**નોંધ :–**

૧. દરેક જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ સંઘની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો વાર્ષિક ઠરાવ કરી દૂધ સંઘને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે લાવવી.

૨. દૂધ સંઘના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચૂંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯–૪૫ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી.

**સ્થળ :– અમર ડેરી, અમરેલી.**

**નોધ : બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે**

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી

**ડો. આર.એસ. પટેલ**

મેનેજીંગ ડીરેકટર

અમર ડેરી – અમરેલી








## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ–ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧

ઈ–મેઈલ : ho@ajmsbank.com - વેબસાઈટ :- www.ajmsbank.com

2025 International Year of Cooperatives

અજીમસ બેંક/એસ્ટા/૩૧૨૫૦/૨૦૨૫–૨૬ — તારીખ : ૦૪/૦૯/૨૦૨૫

**સૂચનાપત્ર**

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૫મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા.૨૧/૦૯/૨૦૨૫ ને રવિવારના રોજ સવારના ૦૯:૩૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, CENTRE OF EXCELLENCE,(ET/IVF), લેબ, ધારી રોડ,અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

**: એજન્ડા :**

૧. ગત **તા. ૨૧/૦૯/૨૦૨૪** ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૨. બેંકના **તા.૩૧/૦૩/૨૦૨૫** આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા–નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.

૩. બેંકના સને. **૨૦૨૪–૨૦૨૫**ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.

૪. નાબાર્ડ દ્વારા બેંકના સને. **૨૦૨૩–૨૦૨૪** ના નાણાંકીય વર્ષનાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૫. બેંકના સને. **૨૦૨૪–૨૦૨૫** ના નાણાકીય વર્ષના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર. દોશી, એસોસીએટસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૬. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૪–૨૦૨૫ના** નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૭. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૪–૨૦૨૫** ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૮. NG Techassureance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૪–૨૦૨૫** ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.

૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા **તા.૦૧/૦૪/૨૦૨૪** થી **તા. ૩૧/૦૩/૨૦૨૫** સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.

૧૦. બેંકની **તા.૨૭/૦૪/૨૦૨૫**ની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગના ઠરાવ નં.૯૦ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.

૧૧. બેંકના માન્ય ઓડીટરશ્રી એચ.કે.આર. એન્ડ કું., નવસારી દ્વારા **તા. ૦૧/૦૪/૨૦૨૪** થી **તા. ૩૧/૦૩/૨૦૨૫** સુધીનું કરેલ ત્રિમાસીક કનકરંટ ઓડીટનો રીપોર્ટસ અને તેને લગત દુરસ્તી રીપોર્ટસ વંચાણે લેવા બાબત.

૧૨. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખ સ્થાનેથી અન્ય જે કાંઈ રજુ થાય તે.

**નોંધ :–**

(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૦૦ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.

(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરીને બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.

(૩) **સને. ૨૦૨૪–૨૦૨૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.**

**: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે :**

**સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.**

**તારીખ :– ૦૪/૦૯/૨૦૨૫**

અમરેલી (ગુજરાત)

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી

**(બી.એસ. કોઠીયા)**

જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)

ધી અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.





## સીનિયર સિટીઝન પાર્ક ખાતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી આયોજિત

# અમરેલીનાં ભવ્ય ગણેશોત્સવમાં સફાઈ કામદારો દ્વારા ગણેશ વંદના

''ઓપરેશન સિંદુર'' થીમ આધારિત ગણેશોત્સવમાં દરરોજ હજારો ભકતજનો ગણેશ વંદના કરી ધન્યતાં અનુભવે છે

સેવાકીય કાર્યો કરતાં સારહિ કલબ દ્વારા સતત ૧૮ વર્ષથી ગણેશોત્સવનું આયોજન

તપોવન આશ્રમનાં તપસ્વીઓ દર્દી નારાયણ, દરીદ્ર નારાયણ સહિત સૌ કોઈની અનેરી સેવા

કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં નેતૃત્વમાં સારહિ ટીમની ઉમદા અને પ્રેરણાદાયી કામગીરી





અમરેલી, તા. ૪

સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ''ઓપરેશન સિંદુર'' થીમ ઉપર ભવ્ય ગણેશ ઉત્સવ ૨૦૨૫નું સિનિયર સિટિઝન પાર્ક અમરેલી ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા. ૧/૯/૨૦૨૫ નાં રોજ વિઘ્નહર્તા શ્રી ગજાનન ગણપતિ દાદાની સવારની આરતીમાં અમરેલી શહેરના સફાઈ કામદાર ભાઈઓ અને બહેનો દ્વારા ભગવાન ગણેશજી ની પૂજા અર્ચના કરવામાં આવી સાથે મુકેશ સંઘાણીના નેતૃત્વમાં સંસ્થા દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપી અને આ મહોત્સવમાં ''ઓપરેશન સિંદુર'' થીમ બનાવવા દિલિપસિંહ ઠાકોર, ભાવેશ કાબરિયા, જીતુભાઈ બથવાર, મુકુંદભાઈ મહેતા, અંકુર માવદિયા, સાગર ગેડિયા, પ્રશાંત પરમાર, નિખિલ આસર, પૃથ્વી લેઉવા, સહદેવ મકવાણા, મુકેશ ડોબરિયા, હરેશ સુખડીયા, મુકેશ ચૌહાણ, કાળુભાઈ અકબરી, પ્રજ્ઞેશ બાજક, મયુર ખાનપરા, ભાવેશ વાળોદરા, તુષાર વાણી, નરેન્દ્રભાઈ પરમાર, હિતેષ સેજુ, કમલેશ સેજુ, અજય કાલેણા, લાલો કવા, ગૌરવ મહેતા, જીગ્નેશ દાફડા, ઉદયસિંહ રાજપુત, કિશોર આજુગીયા, દિપેશ ગોહિલ, અજય રાઠોડ, ભગાભાઈ વ્યાસ, દેવેન્દ્ર ચાવડા, દિલીપ ડેર નિતિન હિરાણી સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

### ગ્રામ પંચાયની ચૂંટણીનાં મનદુઃખે માથાકૂટ

## સાવરકુંડલાનાં ધાર ગામનાં મહિલા સરપંચને જાનથી મારી નાખવાની ધમકી

**સરપંચની કારમાં પણ તોડફોડ કરવામાં આવી**

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના ધાર ગામે રામજી મંદિર પાસે હંસાબેન હસમુખભાઈ કાકડીયા નામના ૫૮ વર્ષિય મહિલા સરપંચ ગત ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચ તરીકે ચુંટાય આવેલ હતા અને તે જ ગામે રહેતા આરોપી ભાવેશભાઈ ભોજભાઈ બોરીચા સરપંચની બોર્ડીના સામેના સભ્ય તરીકે ઉમેદવારી ફોર્મ ભરેલ હતું. જેઓ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગ્રામ પંચાયતના સભ્યપદે હારી ગયેલ હતા. જે ગ્રામ પંચાયતની ચૂંટણીનું મહિલા સરપંચ સાથે મનદુઃખ રાખી ગત તા. ૩ ના રોજ રાત્રીના આશરે ૧ઃ૩૦ વાગ્યે આરોપી ભાવેશભાઈ તથા સાવરકુડલા તાલુકાના હઠીલા ગામે રહેતા લાલાએ મહિલા સરપંચનાં ઘર આગળ જઈ મહિલા સરપંચને જેમ ફાવે તેમ ગાળો આપી તેમજ મહિલા સરપંચના ફોરવ્હીલ ગાડીના કાચ તોડી નાખી તેમજ ફોરવ્હીલ ગાડીની બોર્ડીને આશરે રૂપિયા ૧,૯૦,૦૦૦ નુકસાન કરી મહિલા સરપંચ પાસેથી અગાઉ સરપંચમાં રહેવુ હોય અને ગામના કામ કરવા હોય તો રૂપિયા ૫૦,૦૦૦ બળજબરીથી કઢાવી લેવાની કોશીષ કરી પૈસા નહી આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપયાની મહિલા સરપંચે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા

## દેશનાં આર્થિક વિકાસને બુસ્ટર ડોઝ આપતા જીએસટી રીફોર્મનાં નિર્ણયને આવકાર

**દેશની આમ જનતાને ફાયદો મળશે**



અમરેલી, તા. ૪

ગત ૧૫મી ઓગસ્ટના રોજ લાલકિલ્લા પરથી પોતાના રાષ્ટ્રજોગ સંબોધન સમયે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે, આગામી દિવસોમાં દેશની પ્રજાને જી.એસ.ટી. દરોમાં ફેરફાર કરીને સરકાર દ્વારા નવરાત્રી અને દિવાળીની મોટી ભેટ આપવામાં આવશે. જેનાથી દેશની સામાન્ય જનતાને ખૂબ મોટો આર્થિક ફાયદો થશે.

આ જાહેરાત અંતર્ગત ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા પ્રજાહિતમાં ઉચિત નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણય અંતર્ગત નાણામંત્રીએ કરેલ જાહેરાત મુજબ જી.એસ.ટી. દરોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ હવેથી જી.એસ.ટી.ના ૫% અને ૧૮%ના માત્ર બે જ સ્લેબ રહેશે. ૧૨% અને ૨૮%ના સ્લેબ નાબૂત થશે. પ્રીમિયમ વસ્તુઓ અને તમાકુ જેવી ચીજો પર ૪૦%નો એક સ્પેશિયલ સ્લેબ રહેશે. સામાન્ય જનતા માટે હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ સહિતની અનેક ચીજો પર જીએસટી દરો શૂન્ય કરી નાખવામાં આવ્યા છે. જીવન જરૂરી અનેક વસ્તુઓને ૫%ના દાયરામાં આવરી લેવામાં આવી છે. કૃષિ ઉત્પાદનો અને સાધનો પરનો ટેકસ પણ ઘટાડી દેવામાં આવ્યો છે. જેનાથી દેશના કરોડો લોકોને મોટી આર્થિક રાહત મળતા સામાન્ય જનતામાં ખુશીનો માહોલ પેદા થયો છે. આગામી ૨૨ સપ્ટેમ્બર એટલે કે નવરાત્રિથી લાગુ થનાર આ નવા દરો ભારતીય અર્થતંત્ર માટે બુસ્ટર ડોઝ સાબિત થવાથી અર્થતંત્ર અને ઉદ્યોગોના વિકાસને પણ બળ મળશે એમ નાયબ દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરિયાએ જણાવી સરકારના આ નિર્ણય માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માની વિશેષ અભિનંદન પાઠવેલ છે.

### સરકારી બેંકોનો સાતથી આઠ ટકા વ્યાજ દર છે

## અમરેલી : ઈમ્પેકટના અભાવે એક વર્ષમાં અનેક મકાન ધારકોએ ઉંચા વ્યાજદરની હાઉસિંગ લોન લીધી

**પ્રાઈવેટ બેંકમાંથી ૧૪ થી ૧૬ ટકા લેખે લોન લીધી**

અમરેલી, તા. ૪

અમરેલી નગરપાલિકામાં જુના બાંધકામ નિયમિત કરાવવા ઈમ્પેક્ટ કાયદો અમલમાં છે. પરંતુ આ કાયદામાં વિસંગતતાના કારણે સાંકડી શેરી ગલીના કારણે ઈમ્પેકટ કાયદાનો પૂરતા પ્રમાણમાં લોકોને લાભ મળતો નથી. અને રજા ચિટ્ઠી ન હોવાના કારણે સરકારી બેંકોમાંથી લોન ન મળતા અંદાજે સવાસો જેટલા લોકોએ એક વર્ષમાં પ્રાઈવેટ બેંકોમાંથી ઉંચા વ્યાજ દરે ૧૪ થી ૧૬ ટકા હાઉસિંગ લોન લઈ મકાનોની ખરીદી કરી છે. જો ઈમ્પેકટ કાયદામાં દાયકા જુના મકાનો સાંકડી શેરી અને રસ્તાનો સમાવેશ કરી દંડ લઈ ઈમ્પેકટ રજા ચિટ્ઠી ફાળવી દે તો હજારો સામાન્ય મકાનધારકો સરકારી બેન્કમાંથી સાતથી આઠ ટકા જેવા નજીવા વ્યાજ દરે લોન મેળવી શકે તેવી માંગ ઉઠવા પામી છે.


આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧


### અમરેલીની ફોર્થ એડીશનલ કોર્ટમાં કેસ ચાલતા

## લાઠીનાં ૬ લાખ પડાવી લેવાનાં ગુન્હામાં આરોપીનાં જામીન મંજૂર

**આરોપી તરફે એડવોકેટ સુમિત શર્મા અને અજીમ લાખાણીની દલીલો સફળ**





અમરેલી, તા. ૪

લાઠીમાં બળાત્કાર કરી અને ફરીયાદીના આશરે છએક લાખ જેટલા રૂપિયા પડાવી લેવાના કેસમાં આરોપીના જામીન અમરેલી ફોર્થ એડીશનલ સેશન્સ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

આરોપી તરફે એડવોકેટ સુમિત શર્મા અને અજીમ લાખાણીની દલીલો માન્ય રહી હતી.

આ કામની વિગત ટુંકમાં એવી છે કે, લાઠી પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૩૪૨૫૦૧૧૯/૨૦૨૫, આઈ. પી. સી. કલમ ૩૭૬ (૨) (એન), ૫૦૬ (૧), ૫૦૬ (૨), ૩૫૪ (સી), ૩૮૪ તથા આઈ. ટી. એકટની કલમ ૬૬ (ઈ) મુજબનાં ગુના સબબ ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ. ફરીયાદ પક્ષનાં ગુનાની ટુંકમાં વિગત મુજબ આરોપીએ ફરીયાદીના રહેણાંક મકાનના હતા હોય તેવા ફોટાઓ પાડી વિડીયો ઉતારી લઈ આ ફોટા/વીડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી ફરીયાદીની સહમતી વિના બળ જબરીપુર્વક અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી અને ફરીયાદીના આશરે છએક લાખ જેટલા રૂપિયા પડાવી લીધેલ અને ફરીયાદીના ફોટા/વિડીયો વાઈરલ કરવાની ધમકી આપી ગુન્હો કર્યાનાં આક્ષેપો હતા. અને તે ત્યારબાદ સદર ગુનાના કામે ચાર્જશીટ થયા બાદ આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા હાલની જામીન અરજી કરેલ હતી અને રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવામાં આવી હતી.

## લાઠી : કાંચરડી ગામે જુગાર રમતા ૭ પતાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૪

લાઠી તાલુકાના કાંચરડી ગામે રહેતા સંજયભાઈ નાથાભાઈ સિંધવ, અલ્પેશભાઈ રામજીભાઈ સિંધવ, અશોકભાઈ વાલાભાઈ રાઠોડ સહિત સાત ઈસમો ગત તા. ૨ના રોજ રાત્રે ૯ઃ૩૦ થી ૧૦ઃ૪૫ વાગ્યા દરમ્યાન કાંચરડી ગામની સીમમા આવેલ રામજીભાઈ કેશવભાઈ સિંધવની વાડી પાસે જાહેર રસ્તામા પૈસા વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં હોય. આ અંગે દામનગર પોલીસને બાતમી મળતા પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧,૨૭,૬૩૦ તથા મોબાઈલ ફોન નંગ ૬ કિમત રૂપિયા ૬૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૮૭,૬૩૦નાં મુદ્દામાલ સાથે સાતેય આરોપીને પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલીનાં પાણીયા ગામેથી ઈલેકટ્રીક વાયરની ચોરી થઈ

અમરેલી, તા. ૪

ગત તા. ૭/૮ ના સવારના ૮ વાગ્યાની પહેલા કોઈપણ સમયે અમરેલી તાલુકાના પાણીયા ગામે આવેલ જનકભાઈ કેશુભાઈ સોનીની ખેતીવાડીની જમીનમાં પાણીયા ગામની ઉગમણી સીમ બાજુ નદીનાં કાઠે આવેલી ૧૧ KV પાણીયા AC ફીડર Tapping Sheckale પરનો location નંબર JLY-PNY-178-L-029 પર ટેપીંગથી JLY-PNY-178-L-32 સુધી ૧૧ KV સીંગલ વાયર મુકી બાકીનો ઈલેકટ્રીક ૧૧ KV કંડટર વાયર ૧૦ ગાળાનો આશરે ૧૨૮૦ મીટર જેટલો જેની કિમત રૂપિયા ૫૦,૦૦૦નો કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### રખડુ શ્વાનની જેમ દીપડાએ આંટાફેરા શરૂ કર્યા

## બગસરાનાં નટવરનગરની સીમમાં ૨ દિવસથી દીપડાનાં આંટાફેરા શરૂ થયા

**૨ બકરાનુ મારણ કરતાં ફફડાટ ફેલાયો**





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૪

બગસરા તાલુકામાં દીપડાના આતંકથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. છેલ્લા બે દિવસથી બગસરાના નટવર નગરની સીમમાં દીપડાના આટા ફેરાથી ખેડૂતોમાં ભયનો માહોલ દેખાઈ રહ્યો છે. તેમજ આજે બકરાનુ મારણ કરતા આ દીપડાને તાત્કાલિક પકડવા માંગ ઉઠી છે.

મળેલ માહિતી મુજબ બગસરા તાલુકામાં ફરીવાર દીપડો દેખાતા લોકોમાં ભય ફેલાયો છે. બગસરા શહેરના નટવર નગર વિસ્તારની સીમમાં છેલ્લા બે દિવસથી વારંવાર દીપડો લોકોને દેખાઈ રહ્યો છે. જેમાં આજે નટવર નગરની સીમમાં ખેતરમાં રહેલા બે બકરાનુ માંરણ કરેલ છે. અગાઉ બગસરા તાલુકાના મોટા મુંજીયાસર, સાપર, સુડાવડ, લુંઘીયા વગેરે ગામની સીમમાં પણ દીપડો દેખાયો હતો. પરંતુ છેલ્લા બે દિવસથી નટવર નગરની સીમમાં દીપડાના આટા ફેરાને કારણે ખેતરમાં રહેલા મજૂરો પણ ખેતરમાં જતા ડરી રહ્યા છે. એક વખત વન વિભાગના પાંજરામાંથી પણ મારણ લઈને નાસી તૂટેલ આ દીપડો કોઈપણ વ્યક્તિનો ભોગ લે તે પહેલા તેને પકડવા વન વિભાગ દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડૂતો દ્વારા માંગ કરવામાં આવી છે.

### વિદ્યાર્થીઓએ એક દિવસ શિક્ષકની ભૂમિકા ભજવી

## બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

**શાળા પ્રમુખ કાળુભાઈ ગેલાણીએ શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડો સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ પર દેશ ભરની શાળાઓમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે અને તેના કાર્યોને યાદ કરવામાં આવે છે.

શહેરની વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અલગ અલગ ધોરણના એક દિવસના શિક્ષક બની શૈક્ષણિક કાર્ય કર્યુ હતું અને તેના શિક્ષક દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વી. એલ. ગેલાણી વિદ્યાલયના પ્રમુખ કાળુંભાઈ ગેલાણી દ્વારા તમામ શિક્ષક બનેલ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## અતિથિગૃહથી લઈને નૂતન હાઈસ્કૂલનાં છેડા સુધી ગંભીર સ્થિતિ

# અમરેલીનાં રાજમાર્ગ ચિતલ રોડ ઉપર ગંદકી, બિસ્માર માર્ગની સમસ્યા

**ઉચ્ચ પદાધિકારીઓ, અધિકારીઓની અવરજવર હોવા છતાં ગંદકી, બિસ્માર માર્ગ સહિતની સમસ્યા**

**એકબાજુ માર્ગ બનતો હોય અને બીજા માર્ગ ઉપર સતત વાહનોની દોડધામ છતાં તે માર્ગ બિસ્માર**

**બ્યુટીફિકેશન જેવા રૂપાળા નામ ધરાવતો વિભાગ ડર્ટીફિકેશન બની ગયો હોય તેવી હાલત**

**વાતાનુકુલિન કચેરીમાં બેસીને પદાધિકારીઓ અને અધિકારીઓ માત્ર વિકાસ, સુવિધાનાં આયોજન કરીને સંતોષ માની રહ્યા છે**



અમરેલી, તા. ૪

અમરેલીમાં જયાં સરકારી અતિથિગૃહ, પોલીસઅધિક્ષકની કચેરી, શાળા–કોલેજો, હોસ્પિટલ, ફરવાલાયક સ્થળ, એરપોર્ટ અને રાજકોટ તરફ જવાનો ચિતલ રોડ એ રાજમાર્ગ તરીકે પ્રચલિત બન્યો છે અને રોડ ઉપર મસમોટા ગાબડા, પથ્થરનાં ઢગ અને ગંદકીનો માહોલ જોવા મળતાં પાલિકાનાં સ્વચ્છતાનાં દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે.

અતિથિગૃહથી લઈને નૂતન હાઈસ્કૂલ સુધીનાં બ્યુટીફિકેશનની અંદર ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે. વૃક્ષોનાં થડ અને ડાળ પડેલા જોવા મળે છે તો બ્યુટીફિકેશનની ફૂટપાથ ઉપર પથ્થરનાં ઢગ તેમજ સરદાર સર્કલ તરફ ટર્ન લેતા રોડ ઉપર મસમોટા ગાબડાઓ જોવા મળી રહ્યા છે.

ચિતલ રોડની કામગીરી શરૂ હોય ટુ લેન રોડને બંધ કરીને એકબાજુનાં રોડ ઉપર દિવસ–રાત હજારો વાહનોની અવરજવર જોવા મળી રહી હોય છતાં પણ ચિતલ રોડનું કામ શરૂ કરતાં પહેલા જે રોડને શરૂ રાખવાનો હતો તેની મરામત કરવાનું ચુકી જવાથી છેલ્લા ર મહિનાથી એક સાઈડનાં રોડ ઉપર વાહન વ્યવહાર બમણો થઈ જતાં તે રોડમાં ઠેકઠેકાણે ગાબડા પડી ગયા હોય અને હયાત ફૂટપાથને પણ દૂર કરી નાખવામાં આવતાં પગપાળા કે વાહન ચલાવીને આ રોડ ઉપરથી પસાર થવામાં વ્યાપક પરેશાની થઈ રહી છે.

પાલિકા અને માર્ગ–મકાન વિભાગ વચ્ચે સંકલનનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે અને તેનો ભોગ નિર્દોષ શહેરીજનો બની રહ્યા હોય નાયબ દંડક કૌશિક વેકરિયાએ ટુ–વ્હીલરમાં પસાર થઈને આ રોડની સમસ્યા દૂર કરાવવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.































### 'દરેક ભારતીયો માટે દિવાળી ગિફ્ટ...'

# GST સ્લેબમાં ફેરફાર અંગેના નિર્ણયને PM મોદીએ ગણાવ્યો ઐતિહાસિક

**કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રોજિંદા વપરાશની વસ્તુઓ સસ્તી થશે અને જીવનરક્ષક દવાઓને સંપૂર્ણપણે કરમાંથી મુક્તિ આપવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૪

બુધવારે GST કાઉન્સિલની 56મી બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેનાથી સામાન્ય લોકો તેમજ ઉદ્યોગપતિઓને સીધી રાહત મળશે. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે હવે ફક્ત બે GST સ્લેબ રહેશે, 5% અને 18%. એટલે કે, 12% અને 28% સ્લેબ નાબૂદ કરવામાં આવશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રોજિંદા વપરાશની વસ્તુઓ સસ્તી થશે અને જીવનરક્ષક દવાઓને સંપૂર્ણપણે કરમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક ગણાવ્યું અને કહ્યું કે આગામી પેઢીના GST સુધારા સામાન્ય માણસનું જીવન સરળ બનાવશે અને અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. પીએમ મોદીએ એક X પોસ્ટમાં કહ્યું, "મારા સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન, મેં GSTમાં આગામી પેઢીના સુધારા લાવવાના અમારા ઈરાદા વિશે વાત કરી હતી. કેન્દ્ર સરકારે વ્યાપક GST દરો અને પ્રક્રિયાગત સુધારાઓને તર્કસંગત બનાવવા માટે એક વિગતવાર પ્રસ્તાવ તૈયાર કર્યો હતો, જેનો હેતુ સામાન્ય માણસનું જીવન સરળ બનાવવા અને અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે."

તેમણે વધુમાં કહ્યું, "મને જણાવતા આનંદ થાય છે કે કેન્દ્ર અને રાજ્યોનો સમાવેશ કરતી GST કાઉન્સિલ GSTના દર ઘટાડા અને સુધારાઓ પર કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવો પર સામૂહિક રીતે સંમત થઈ છે, જેનાથી સામાન્ય માણસ, ખેડૂતો, MSME, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનોને ફાયદો થશે. વ્યાપક સુધારાઓ આપણા નાગરિકોના જીવનમાં સુધારો કરશે અને બધા માટે, ખાસ કરીને નાના વેપારીઓ અને વ્યવસાયો માટે વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરશે."

### રાજ્યમાં અત્યારસુધીમાં સરેરાશ ૯૨ ટકાથી વધુ વરસાદ

# ઉ. ગુજરાત પર મેઘો મહેરબાન, સૌથી વધારે વરસાદ નોંધાયો

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં ચાલુ વર્ષે મેઘરાજાએ તમામ વિસ્તારમાં મેઘમહેર કરી છે. ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૯૨.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૯૬.૯૪ ટકા વરસાદ, દક્ષિણ ગુજરાતમાં ૯૬.૯૧ ટકા, પૂર્વ-મધ્યમાં ૯૩.૭૯ ટકા, કચ્છમાં ૮૫.૧૪ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૮૪.૭૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૧૩ ડેમ હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા છે. જેમાં ૮૨ ડેમ ૧૦૦ ટકા, ૬૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે જ્યારે ૧૭ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૮૯ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત? એવા ખેડૂતો દ્વારા તા. ૦૧ સપ્ટેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ કુલ ૯૬.૨૯ ટકા વિસ્તારમાં ખરીફ – ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૨ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨૦ લાખ હેક્ટરમાં કપાસ જ્યારે ત્રીજા ક્રમમાં ૦૮ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૪ જિલ્લાના ૧૫૮ તાલુકામાં સરેરાશ ૧૨ મી.મીથી વધુ વરસાદ વરસ્યો છે. ગુજરાતના માછીમારોને તા. ૦૪ થી ૦૭ સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવા પણૌંસ્ઢ દ્વારા જણાવાયું છે.

### કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર કોંગ્રેસના પ્રહાર

# સરકારમાં બેઠેલા પિતા નીતિ બનાવે છે અને તેમના પુત્રો કમાણી કરે છે : કોંગ્રેસ

**નિખિલ ગડકરીની કંપની Cian Agroyu જૂન-૨૦૨૫માં ૭૨૩ કરોડની કમાણી કરી : કોંગ્રેસ**

નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસે ગુરુવારે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે, ગડકરીના પુત્રોની ઈથેનોલ ઉત્પાદક કંપનીઓએ સરકારની નીતિઓનો લાભ લઈને ઝડપી મસમોટો નફો કમાવ્યો છે. તેમણે ગડકરીના બંને પુત્રોની કંપનીઓની કમાણીનો પણ ઉલ્લેખ કર્યો છે અને કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા છે.

કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, નિખિલ ગડકરી અને સારંગ ગડકરી નિતિશ ગડકરીના પુત્રો છે. બંને પુત્રોની કંપનીઓ (Cian Agro Industries & Infrastructure Ltd અને Manas Agro Industries And Infrastructure Ltd) ઈથેનોલનું ઉત્પાદન કરે છે. સરકારના બેઠેલા પિતા પોલિસી બનાવી રહ્યા છે અને તેમના પુત્રો કમાણી કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, નિખિલ ગડકરીની કંપની Cian Agroએ જૂન-૨૦૨૪માં ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, ત્યાર પછી આ કમાણી જૂન-૨૦૨૫માં વધીને ૭૨૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. કંપનીના શેરની કિંમત જાન્યુઆરી-૨૦૨૫માં ૩૭ રૂપિયા હતી, હવે શેરની કિંમત વધીને ૬૩૮ રૂપિયા પર પહોંચી ગઈ છે.

છેલ્લા ૧૧ વર્ષના ઈતિહાસમાં કોઈ પણ યોજના નિર્ધારિત સમયગાળામાં પૂરી થઈ નથી, પરંતુ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણનો ટાર્ગેટ ૨૦૨૫ના નિર્ધારિત સમયગાળ પહેલાં પૂરો કરી દેવાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિન ગડકરીએ જૂન-૨૦૨૪માં કહ્યું હતું કે, મ્યુનિસિપલ કચરામાંથી બનેલા ઈથેનોલના કારણે પેટ્રોલ ૫૫ રૂપિયા લીટર અને ડીઝલ ૫૦ રૂપિયે લીટર મળશે. ત્યારબાદ સપ્ટેમ્બર-૨૦૧૮માં ગડકરીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર પાંચ પ્લાન્ટ સ્થાપશે અને ત્યાં લાકડાના ભૂસું અને મ્યુનિસિપલ કચરામાંથ ઈથેનોલ બનાવાશે. પરંતુ સત્ય વાત એ છે કે, આજ સુધી આવુ થઈ શક્યું નથી, એક લીટર ઈથેનોલ પણ બનાવી શકાયું નથી.'

ખેડાએ વધુમાં કહ્યું કે, '૫૬ ટકા શેરડી અને બાકીના અનાજનો ઉપયોગ કરીને ૬૨૭ કરોડ લિટર ઈથેનોલમાંથી બનાવાયું છે. તેમાં લાકડાના ભૂસાનો અને મ્યુનિસિપલ કચરાનો ઉપયોગ થયો નથી. જો એક લીટર ઈથેનોલ બનાવવું હોય તો ૩૦૦૦ લીટર પાણીનો વપરાશ થાય છે, જે પર્યાવરણ માટે નુકસાનકારક છે.' કોંગ્રેસના આ ગંભીર આરોપો બાદ હવે ગડકરી તરફથી શું પ્રતિક્રિયા આવે છે, તેના પર સૌની નજર રહેશે.

### પુતિને પોતે હવે આ અંગે મોટો ખુલાસો કર્યો

# પીએમ મોદી અને પુતિને કારની અંદર ગુપ્ત વાતચીત કરી હતી

**લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી આ કાર યાત્રામાં, બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી હતી**

તિયાનજિન, તા.૪

ચીનના તિયાનજિનમાં આયોજિત SCO સમિટ દરમિયાન કારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની યાત્રા ચર્ચાનો મોટો વિષય બની ગઈ છે. પુતિને પોતે હવે આ અંગે મોટો ખુલાસો કર્યો છે. ચીનની મુલાકાત દરમિયાન પત્રકારોએ તેમને પૂછ્યું કે, તેમણે પીએમ મોદી સાથે શું ચર્ચા કરી હતી. આ અંગે પુતિને ખુલાસો કર્યો કે, તેમણે પીએમ મોદીને અમેરિકાના અલાસ્કામાં તેમની અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી તાજેતરની વાતચીત વિશે વિગતવાર જણાવ્યું હતું. જણાવી દઈએ કે, બંને નેતાઓ તિયાનજિનથી દ્વિપક્ષીય વાટાઘાટ સ્થળ સુધી પુતિનની AURUS લિમોઝીનમાં સાથે મુસાફરી કરી રહ્યા હતા.લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી આ કાર યાત્રામાં, બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી હતી. એટલું જ નહીં, હોટેલ પહોંચ્યા પછી પણ, વાત કરવા માટે બંને નેતાઓ લગભગ ૫૦ મિનિટ સુધી કારની અંદર બેઠા હતા. એટલે કે, બંને નેતાઓએ લગભગ દોઢ કલાક સુધી સિક્રેટ વાતચીત કરી હતી. જણાવી દઈએ કે, ગયા મહિને ઓગસ્ટમાં, અલાસ્કામાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુતિન વચ્ચે લાંબા સમયથી રાહ જોવાતી શાંતિ મંત્રણા યોજાઈ હતી.

આ બેઠકનો મુખ્ય એજન્ડા યુક્રેન યુદ્ધનો અંત લાવવા અને કાયમી ઉકેલ શોધવાનો હતો. રશિયાના ટોચના આર્થિક રાજદૂત કિરિલ દિમિત્રીવે કહ્યું કે, અલાસ્કા પરિષદ 'ઉત્પાદક' હતી અને અમેરિકાએ રશિયાનું 'સારું સ્વાગત' કર્યું હતું. તેમણે કહ્યું કે, ઘણા મુદ્દાઓ પર સર્વસંમતિ થઈ છે અને બંને દેશોએ ભવિષ્યમાં આર્થિક સહયોગ વધારવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને પુતિન તિયાનજિનથી દ્વિપક્ષીય વાતચીત સ્થળ સુધી એક કારમાં સાથે ગયા હતા. આ કાર પુતિનની AURUS લિમોઝીન હતી. આ દરમિયાન, બંને નેતાઓ વચ્ચે ઘણા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી. અહેવાલો અનુસાર, હોટેલ પહોંચ્યા પછી પણ, બંને નેતાઓ લગભગ ૪૫ થી ૫૦ મિનિટ સુધી કારમાં બેઠા રહ્યા અને તેમની ખાનગી વાતચીત ચાલુ રાખી હતી.

રશિયન રાષ્ટ્રીય રેડિયો સ્ટેશન વેસ્ટિહ્રસએ જણાવ્યું હતું કે, 'હોટલ પહોંચ્યા પછી પણ બંને નેતાઓ કારમાંથી બહાર નીકળવાને બદલે લગભગ ૫૦ મિનિટ સુધી ખાનગીમાં વાત કરી રહ્યા હતા.' મોસ્કોના કેટલાક કમેન્ટેટરએ તો એમ પણ કહ્યું હતું કે, આ કદાચ મોદી અને પુતિન વચ્ચેની સૌથી મહત્વપૂર્ણ ગુપ્ત ચર્ચા હતી, જેમાં ઘણા એવા મુદ્દાઓ પર વાત થઈ હશે, જે 'કોઈના કાન સુધી ન પહોંચવી જોઈએ.'

આ ઘટનાક્રમ એવા સમયે થયો છે, જ્યારે અમેરિકાએ રશિયા પાસેથી સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદવા પર ૨૫% નો વધારાનો ટેરિફ લાદ્યો છે. આમ છતાં, ભારત અને રશિયા પરસ્પર સંબંધોને મજબૂત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. SCO સમિટમાં, પીએમ મોદીએ સભ્ય દેશો વચ્ચે કનેક્ટિવિટી અને વેપાર વધારવા પર ભાર મૂક્યો હતો. પુતિન ડિસેમ્બરમાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે, જ્યાં તેઓ પીએમ મોદી સાથે શિખર બેઠક કરશે. આ બેઠકને બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

### GST ઘટાડા બાદ સોનું-ચાંદી થઈ ગયું સસ્તું

# સોનાનો ભાવ ૧૨૩૯ રૂપિયા ઘટીને ૧,૦૫,૯૫૬ રૂપિયા થયો

**GST ઘટાડાને કારણે બજારમાં ભાવમાં ઘટાડો થયો છે, તહેવારોની મોસમમાં લોકો માટે રાહતના સમાચાર છે**

નવી દિલ્હી, તા.૪

ગઈકાલે મોડી રાત્રે સરકારે GST દરમાં ઘટાડો કરવાની જાહેરાત કરતા સામાન્ય માણસને મોટી રાહત મળી છે. GST કાઉન્સિલે ઘણી પ્રોડક્ટ્સ પર ટેક્સ ઘટાડ્યો અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી નવા GST માળખાના અમલીકરણની જાહેરાત કરી. આ પછી આજે સવારે સોનાના ભાવમાં મોટો ઘટાડો થયો.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ૧૦ ગ્રામ સોનાનો ભાવ સવારે ૧૦.૧૯ વાગ્યે ૧૨૩૯ રૂપિયા ઘટીને ૧,૦૫,૯૫૬ રૂપિયા થઈ ગયો. માત્ર સોના જ નહીં પરંતુ ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. આવી સ્થિતિમાં, જો તમે સોનું અને ચાંદી ખરીદવાનું વિચારી રહ્યા છો તો તમારી પાસે સસ્તા દરે ખરીદવાની એક સારી તક છે. જોકે સોના અને ચાંદી પર GST દર ૩% અને ઘરેણાં બનાવવાના ચાર્જ પર ૫% રહેશે, પરંતુ સામાન્ય વસ્તુઓ પરના કર ઘટાડાની સીધી અસર રોકાણકારો અને ખરીદદારોના ખિસ્સા પર પડી છે. GST ઘટાડાને કારણે બજારમાં ભાવમાં ઘટાડો થયો છે અને ખાસ કરીને તહેવારોની મોસમ દરમિયાન સામાન્ય લોકો માટે આ રાહતના સમાચાર છે.

MCX એટલે કે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ઓક્ટોબર ફ્યુચર્સમાં સોનાની કિંમત ૧.૨૧% ઘટીને ૧,૦૫,૮૯૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ. ચાંદીના ડિસેમ્બર ફ્યુચર પણ ૧.૬% ઘટીને ૧,૨૩,૮૭૧ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહ્યા હતા. આનો સીધો અર્થ એ છે કે રોકાણકારોમાં જોખમ લેવાની ઈચ્છા વધી છે અને બજારમાં સકારાત્મક ભાવના છે. GST ઘટાડા પછી સોનું હવે પહેલા કરતાં સસ્તું થઈ ગયું છે, એટલે કે તહેવારો અથવા લગ્ન દરમિયાન ખરીદી કરતા લોકો માટે ભાવમાં ઘટાડો થયો છે. આ ફેરફાર ફક્ત સોના પર જ નહીં પરંતુ ઠંડા પીણાં, જંક ફૂડ અને લક્ઝરી વસ્તુઓ જેવી ઘણી અન્ય વસ્તુઓ પર પણ લાગુ કરવામાં આવ્યો છે, જેનાથી સામાન્ય માણસના ખિસ્સાને રાહત મળી છે.

GST દરમાં ઘટાડાથી સામાન્ય માણસના ખિસ્સાને રાહત મળી છે, પરંતુ રોકાણકારો માટે બજાર પણ સકારાત્મક રહ્યું છે. નિષ્ણાતો માને છે કે GST 2.0 સુધારાથી બજારમાં ખરીદી વધશે અને કંપનીઓ માટે વેચાણમાં પણ સુધારો થશે. સોના અને ચાંદી ખરીદનારાઓ માટે આ યોગ્ય સમય માનવામાં આવે છે.

### પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમનું નિવેદન

# GSTના સુધારાઓનું સ્વાગત છે પણ હવે મોડું થઈ ગયું છે

**પી ચિદમ્બરમે એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે, હાલની જીએસટી વ્યવસ્થા અને દરોને શરૂમાં જ લાગુ કરવા જોઇતા હતા**

નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમે કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ GST દરોમાં ઘટાડાનું સ્વાગત કર્યું છે. જોકે, તેમણે કેન્દ્ર સરકારના આ પગલાંની ટીકા કરી હતી અને કહ્યું હતું કે GST દરોમાં આઠ વર્ષ એટલે ખૂબ મોડો ફેરફાર કરવામાં આવ્યો હતો. પી ચિદમ્બરમે એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે, હાલની જીએસટી વ્યવસ્થા અને દરોને શરૂમાં જ લાગુ કરવા જોઈતા હતા. વિપક્ષે વર્ષોથી આ મુદ્દા સામે વારંવાર ચેતવણી આપી હતી, પરંતુ તેની દલીલોને અવગણવામાં આવી હતી. જીએસટીને યુક્તિસંગત બનાવવા અને અનેક વસ્તુઓ અને સેવાના જીએસટી દરમાં ઘટાડનું સ્વાગત છે, પરંતુ આ વર્ષ બહુ મોડું થઈ ગયું કહેવાય. જીએસટીની હાલની વ્યવસ્થા આજ સુધી પ્રચલિત દરોને શરૂઆતથી જ લાગુ કરવાની જરૂર હતી. અમે છેલ્લા ૮ વર્ષથી જીએસટીની વ્યવસ્થા અને તેના સ્લેબ વિશે સતત અવાજ ઉઠાવી રહ્યા છીએ, પરંતુ અમારી દલીલ પર કોઈ ધ્યાન આપવામાં ન આવ્યું.

આ સિવાય તેમણે સુધારા માટે સરકારના સમય પર પણ સવાલ કર્યો અને અચાનક બદલાવના સંભવિત કારણો પર અટકળો લગાવી. તેમણે અનેક આર્થિક અને રાજકીય કારણોને ટાંકીને કહ્યું કે, જેણે ૮ વર્ષ મોડું કર્યા બાદ આ નિર્ણય લીધો છે, જેનું કારણ અમેરિકાએ ભારતીય વસ્તુઓ પર લગાવેલા ટેરિફ અને આ વર્ષના અંતે યોજાતી બિહાર ચૂંટણીનો સમાવેશ થાય છે. સરકારે આ ફેરફારો કેમ કર્યા તે અનુમાન લગાવવું રસપ્રદ રહેશેઃ ધીમી વૃદ્ધિ? ઘરેલું દેવું વધવું? બચતમાં ઘટાડો? બિહારમાં ચૂંટણી? ટ્રમ્પ અને તેમના ટેરિફ? આ બધું?

જોકે, નિર્મલા સીતારમણે સ્પષ્ટપણે કહ્યું છે કે GST દરોમાં ફેરફારનો યુએસ ટેરિફ સાથે કોઈ સંબંધ નથી. તેણીએ વધુમાં કહ્યું કે સરકારે આ ફેરફારો કેમ કર્યા તે અનુમાન લગાવવું રસપ્રદ રહેશેઃ ધીમી વૃદ્ધિ? ઘરગથ્થુ દેવું વધવું? ઘરગથ્થુ બચતમાં ઘટાડો? બિહારમાં ચૂંટણી? ટ્રમ્પ અને તેમના ટેરિફ? આ બધું?" જોકે, નિર્મલા સીતારમણે સ્પષ્ટપણે કહ્યું છે કે GST દરોમાં ફેરફારનો યુએસ ટેરિફ સાથે કોઈ સંબંધ નથી.

ઑલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ પણ આકરી પ્રતિક્રિયા આપી હતી અને GST દરમાં ઘટાડાને સરકાર પર સતત દબાણ બાદ મળેલી સામાન્ય લોકોની જીત ગણાવી હતી.

### સરકારે પરિવહન ક્ષેત્રમાં મોટો ફેરફાર કર્યો

# નવા GST દરથી ટ્રકથી લઈને ઈ-રિક્ષા સુધીના વાહનો સસ્તા થશે

**હેચબેક અને કોમ્પેક્ટ સેગમેન્ટમાં કાર પર ૨૮ ટકાને બદલે ૧૮ ટકા ટેક્સ લાગશે : સ્કૂટર-મોપેડ સસ્તા થશે**

નવી દિલ્હી, તા.૪

નવા GST દરમાં ફેરફારની હવે સામાન્ય લોકોના ખિસ્સા પર સીધી અસર પડશે. ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો, જેઓ રોજિંદા જરૂરિયાતો માટે વાહનો ખરીદવાનું સ્વપ્ન જુએ છે, તેમના માટે આ ફેરફાર ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. એટલું જ નહીં, સરકારે પરિવહન ક્ષેત્રમાં મોટો ફેરફાર કર્યો છે અને ઘણા વાહનો અને ઓટો પાર્ટ્સ પર GST દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યા છે. આ નિર્ણયનો સીધો ફાયદો સામાન્ય ગ્રાહકોથી લઈને લોજિસ્ટિક્સ કંપનીઓ સુધી દરેકને થશે. આ નિર્ણય આગામી ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. ચાલો તમને જણાવીએ કે નવા GST દરોને કારણે કયા પ્રકારના વાહનો કેટલા સસ્તા થશે.

સૌ પ્રથમ, ટાયર વિશે વાત કરીએ – હવે નવા રબરથી બનેલા ન્યુમેટિક ટાયર (સાયકલ, રિક્ષા અને વિમાનના ટાયર સિવાય) પર GST રાહત આપવામાં આવી છે. GST દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યા છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે આ વાહનોનો જાળવણી ખર્ચ હવે ઘટાડવામાં આવશે. જ્યારે, માલ વહન કરતા ટ્રાન્સપોર્ટ મોટર વાહનો પર GST પણ ૧૮ ટકા કરવામાં આવ્યો છે. બસ, ટ્રક અને એમ્બ્યુલન્સ જેવા વાહનોને પણ કર છૂટ આપવામાં આવી છે.

સેમી-ટ્રેઈલર્સ ખેંચવા માટે ઉપયોગમાં લેવાતા અને જેની એન્જિન ક્ષમતા ૧૮૦૦ સીસીથી વધુ હોય છે, આવા સેમી-ટ્રેઈલર્સ પર પણ હવે ઓછો ટેક્સ ચૂકવવો પડશે. હવે તેમના પર ૧૮ ટકા ટેક્સ લાગશે. આ ફેરફારથી લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન સેક્ટરને સીધી રાહત મળશે, જેના કારણે માલ પરિવહનનો ખર્ચ પણ ઘટાડી શકાય છે. જો આપણે પરિવારની જરૂરિયાતો અનુસાર જોઈએ તો હવે નાના એન્જિન વાહનો સસ્તા થશે. ઉદાહરણ તરીકે, પેટ્રોલ, સીએનજી અને એલપીજી પર ચાલતી કાર, જેની એન્જિન ક્ષમતા ૧૨૦૦ સીસી સુધીની અને લંબાઈ ૪ મીટર સુધીની હોય. એટલું જ નહીં, ૧૫૦૦ સીસી સુધીની ડીઝલ કાર, જેની લંબાઈ પણ ૪ મીટરથી ઓછી હોય, તે પણ હવે નીચા GST સ્લેબમાં આવી ગઈ છે. આનો અર્થ એ થયો કે હેચબેક અને કોમ્પેક્ટ સેગમેન્ટમાં કાર ખરીદવાનો બોજ ઓછો થશે. હવે આ બે શ્રેણીની કાર પર ૨૮ ટકાને બદલે ૧૮ ટકા ટેક્સ લાગશે. મધ્યમ વર્ગ માટે બીજી રાહત એ છે કે થ્રી-વ્હીલર અને મોટરસાયકલ (૩૫૦ સીસી સુધીની એન્જિન ક્ષમતાવાળા, જેમ કે સ્કૂટર અને મોપેડ) પણ સસ્તા થવાના છે. આ સમાચાર નાના શહેરો અને નગરોના પરિવારોને સીધા ખુશ કરશે, જ્યાં લોકો દૈનિક અવરજવર માટે ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર પર આધાર રાખે છે.

માત્ર આ જ નહીં, હવે એમ્બ્યુલન્સ પર ટેક્સ ઓછો કરવામાં આવ્યો છે, જે ફેક્ટરીમાંથી તમામ જરૂરી મેડિકલ ફિટિંગ સાથે આવે છે. આની અસર આરોગ્ય ક્ષેત્ર પર પડશે અને એવી અપેક્ષા છે કે દર્દીઓ સસ્તી એમ્બ્યુલન્સ સેવા મેળવી શકશે. ઉપરાંત, હવે હાઈબ્રિડ વાહનો (પેટ્રોલ-ડીઝલ + ઈલેક્ટ્રિક મોટર) પણ રાહતના દાયરામાં આવી ગયા છે. આનો અર્થ એ છે કે ભવિષ્યમાં ઈકો-ફ્રેન્ડલી વાહનોના ભાવ થોડા પોસાય તેવા હોઈ શકે છે. બંને પ્રકારની કોમ્પેક્ટ હાઈબ્રિડ કાર પર ટેક્સ ૧૮ ટકા રહેશે.

### GST રિફોર્મ પર પીએમ મોદીની પ્રતિક્રિયા

# નવા જીએસટી રિફોર્મથી પનીરથી લઈને ડ્રાયફ્રુટ સુધી સસ્તું થઈ ગયું

**મોદીએ આઝાદી પછીનો અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણય ગણાવ્યો : લોકોની લાઈફ સ્ટાઈલ સારી થશે**

નવી દિલ્હી, તા.૪

પીએમ મોદીએ જીએસટી રેટને લઈને પહેલી વાર ટીવી કેમેરાની સામે પોતાની પ્રતિક્રિયા આપી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, નવા જીએસટી રિફોર્મથી પનીરથી લઈને ડ્રાયફ્રુટ સુધી સસ્તું થઈ ગયું છે. જીએસટીને લઈને અમે જે વાયદો કર્યો હતો, તે પૂરો કર્યો. આ સુધારાનો ડબલ ડોઝ છે. જીએસટી ઘટાડવાથી લોકોની લાઈફસ્ટાઈલ સારી થશે.

પીએમ મોદીએ જીએસટી રિફોર્મ્સ પર કહ્યું કે, આ આઝાદી પછી દેશનો સૌથી મોટો નિર્ણય છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો સાથે એક કાર્યક્રમ દરમ્યાન તેમણે જીએસટી રિફોર્મનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, સમય પર બદલાવ વિના, આપણે આજે વૈશ્વિક પરિસ્થિતિઓમાં આપણા દેશને તેના યોગ્ય સ્થાને લઈ જઈ શકતા નથી. મેં આ વખતે ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે આગામી પેઢીને સુધારની જરુર છે. મેં દેશવાસીઓને એવું પણ વચન આપ્યું હતું કે આ દિવાળી અને છઠ પૂજા પહેલા ખુશીઓનો ડબલ ધમાકો થશે.

પીએમ મોદીએ કહ્યું કે, હવે જીએસટી વધારે સરળ થઈ ગયો છે. જીએસટીના મુખ્યત્વે બે જ રેટ થઈ ગયા છે. ૫ ટકા અને ૧૮ ટકા. પીએમ મોદીએ કહ્યું કે, ૨૨ સપ્ટેમ્બર...સોમવાર એટલે કે નવરાત્રિના પહેલા દિવસથી જીએસટીના નવા દરો લાગૂ થઈ જશે.

પીએમ મોદીએ કહ્યું કે, જીએસટીમાં રિફોર્મ્સથી ભારતની શાનદાર અર્થવ્યવસ્થામાં પંચરત્ન જોડાયા છે. પહેલું, ટેક્સ સિસ્ટમ ખૂબ જ સરળ થઈ. બીજું, ભારતના નાગરિકોની ક્વાલિટી ઓફ લાઈફ વધશે. ત્રીજું. consumption અને growth બંનેને નવો બૂસ્ટર મળશે. ચોથું- ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસથી રોકણ અને નોકરીને બળ મળશે. પાંચમું, વિકસિત ભારત માટે cooperative federalism વધારે મજબૂત થશે.

પીએમ મોદીએ કહ્યું કે હવે GST વધુ સરળ બની ગયું છે. GSTના મુખ્યત્વે બે દર બાકી છે, ૫ ટકા અને ૧૮ ટકા. પીએમ મોદીએ કહ્યું કે GSTના નવા દર ૨૨ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે. સોમવાર, એટલે કે નવરાત્રીના પહેલા દિવસે. તેમણે કહ્યું કે જેમ જેમ ભારત ૨૧મી સદીમાં આગળ વધી રહ્યું છે, તેમ તેમ GSTમાં આગામી પેઢીના સુધારા કરવામાં આવ્યા છે. GST-2 એ દેશ માટે સમર્થન અને વૃદ્ધિનો ડબલ ડોઝ છે.

મોદીએ એમ પણ કહ્યું કે ૨૦૧૪ પહેલા તો દરેક સામાન પર ખૂબ ટેક્સ લાગતો. તે સમયે ૧૦૦ રૂપિયાના સામાન પર ૨૦થી ૨૫ રૂપિયા ટેક્સ હતો. કોંગ્રેસની સરકાર બાળકોની ચોકલેટ પર પણ ૨૧ ટકા લેતી હતી. સાઈકલ પર ૧૭ ટકા ટેક્સ હતો.

### GST મુદ્દે કોંગ્રેસનો દાવો

# એનડીએ સરકારે રાહુલ ગાંધીની વાત માનવી પડી

**જીએસટી સુધારાની જાહેરાતો થઈ કારણકે, વડાપ્રધાને પહેલાંથી પ્રી-દિવાળીની ડેડલાઈન નક્કી કરી હતી : કોંગ્રેસ**

નવી દિલ્હી, તા.૪

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માં ઘટાડો કરવા મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યા છે. તેમણે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે વર્ષોથી રાહુલ ગાંધીની સલાહને અવગણી. સરકારે GST કાઉન્સિલને ઔપચારિકતા સુધી મર્યાદિત કરી દીધુ છે. અંતે એનડીએએ રાહુલ ગાંધીની વાત સ્વીકારી પડી.

કોંગ્રેસે કહ્યું કે, અમે લાંબા સમયથી GST 2.0 ની હિમાયત કરી રહી છે, જેથી GST દર ઘટાડવામાં આવે, મોટા પાયે વપરાશમાં લેવાતા માલ-સામાન પર જીએસટી ઘટાડવામાં આવે. કરચોરી અને ખોટી કેટેગરી સંબંધિત વિવાદો ઘટાડી શકાય. વધુમાં આઉટપુટ કરતાં ઈનપુટ પર વસૂલાતા વધુ પડતાં ટેક્સ નાબૂદ કરવાની પણ માગ કરી હતી. વધુમાં MSME પર નિયમોનો બોજ ઘટાડવા અને GSTનો વ્યાપ વધારવા ભલામણ કરી હતી. પરંતુ એનડીએ આ માગણીઓને અવગણી રહી હતી. કોંગ્રેસના મુખ્ય સચિવ અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં જીએસટી કાઉન્સિલની ભૂમિકા પર સવાલો કર્યા હતા. તેમણે કહ્યું કે, બંધારણીય સંસ્થા GST કાઉન્સિલની બેઠક બાદ નાણામંત્રીએ મોટી જાહેરાતો કરી હતી. પરંતુ આ બેઠક પહેલાં જ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આના સંકેતો આપ્યા હતા. જેથી પ્રશ્ન થઈ રહ્યો છે કે, શું જીએસટી કાઉન્સિલ માત્ર એક ઔપચારિકતા સુધી મર્યાદિત બન્યું છે. GST ૧.૦માં ઘણી ખામીઓ હતી અને કોંગ્રેસે ૨૦૧૭માં જ આ તરફ ધ્યાન દોર્યું હતું. પરંતુ સરકારે તેને અવગણ્યું. વડાપ્રધાને તેને સારો અને સરળ ટેક્સ ગણાવી વાહવાહી કરાવી. પરંતુ તે વૃદ્ધિને રૂંધતો ટેક્સ બન્યો.

આગળ જયરામ રમેશે કહ્યું કે, ગઈકાલે જ જીએસટી સુધારાની જાહેરાતો થઈ, કારણકે, વડાપ્રધાને પહેલાંથી જ પ્રી-દિવાળીની ડેડલાઈન નક્કી કરી લીધી હતી. માનીએ છીએ કે, આ ટેક્સ કાપનો લાભ ગ્રાહકો સુધી પહોંચશે. હજી જીએસટી ૨.૦ની રાહ જોઈ રહ્યા છીએ. શું આ નવો જીએસટી ૧.૫ ખાનગી રોકાણ ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહન આપશે. હવે જોવાનું રહેશે કે, શું તે સ્જીસ્ઈ પરનો બોજો ઘટાડશે? આનો જવાબ તો ફક્ત સમય જ આપશે.

# સાવરકુંડલા : સેવા, સંસ્કૃતિ અને સંસ્કારનો ત્રિવેણી સંગમ સદ્ભાવના ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવ









સાવરકુંડલા સદભાવના ગ્રુપ દ્વારા સાવરકુંડલામાં આયોજિત ગણેશ મહોત્સવમાં ભકિત, સેવા અને સંસ્કારનો અભ્દુત સંગમ જોવા મળ્યો. આ મહોત્સવ ફકત ધાર્મિક આયોજન ન રહેતાં, સમાજ સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર બન્યો હતો. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ બાળકો અને યુવાનો દ્વારા રજૂ થયેલો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. જેમાં નાનાં ભૂલકાંઓથી લઈને કોલેજના વિદ્યાર્થીઓએ પોતાની કલા, પ્રતિભા અને સંસ્કૃતિનો પરિચય આપીને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમ કલા, સંસ્કૃતિ અને સંસ્કારનો ઉત્તમ દાખલો પૂરો પાડયો. ગણેશ મહોત્સવના આ પવિત્ર અવસર પર, સદ્ભાવના ગ્રુપ દ્વારા સમાજમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર દાતાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં દાતાઓની નિસ્વાર્થ સેવાભાવનાને બિરદાવવામાં આવી, જે સમાજને સેવાના માર્ગે ચાલવા માટે પ્રેરણા આપે છે. આ પ્રસંગે, દાતા રમણીકભાઈ કાછડીયા (મહેશ સ્ટોર વાળા) તરફથી સંસ્થાને ઓકિસજન કન્સન્ટ્રેટર મશીન ભેટ આપવામાં આવ્યું, જેનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. સદ્ભાવના ગ્રુપ પરમ પૂજય ઉષા મૈયાના આશીર્વાદથી વર્ષોથી સમાજસેવાની અનોખી પરંપરા જાળવી રહ્યું છે. આ ગણેશ મહોત્સવ પણ તે જ સેવાયાત્રાને આગળ ધપાવે છે. દિવ્ય દીપમાળના દિવ્ય દર્શનનો લાભ હજારો ભકતોએ લીધો હતો. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે ગ્રુપના તમામ સભ્યો અને સ્વયંસેવકોએ અથાગ મહેનત કરી હતી. આ મહોત્સવની સફળતાએ ફરી એકવાર સદભાવના ગ્રુપની સેવા અને સમર્પણની ભાવનાને ઉજાગર કરી છે.

## અમરેલી : મોંઘીબા મહિલા કોલેજ ખાતે ‘નેશનલ સ્પોર્ટ્સ ડે’ની ઉજવણી કરવામાં આવી



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે તા. ૨૯/૮/૨૦૨૫ના રોજ હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે કોલેજના સ્પોર્ટ્સ વિભાગ દ્વારા ‘નેશનલ સ્પોર્ટ્સ ડે’ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ દીપપ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં શારીરિક શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડો.જયશ્રીબેન મકવાણા દ્વારા કાર્યક્રમની ભૂમિકા બાંધવામાં આવી અને ‘નેશનલ સ્પોર્ટ્સડે’ તેમજ મેજર ધ્યાનચંદના જીવન અને વ્યકિતત્વનો વિદ્યાર્થિનીઓને પરિચય કરાવવામા આવ્યો. મેજર ધ્યાનચંદના જીવન વિષયક એક ડોકયુમેન્ટરી બતાવવામાં આવી. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડો. જી. વી. વેલિયત દ્વારા અતિથિઓનું શબ્દો દ્વારા સ્વાગત તથા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં અતિથિ તરીકે ઉપસ્થિત રમતગમતના ક્ષેત્રે કોલેજનું નામ રોશન કરનાર કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ નૂતનબેન માલવિયા, ડો. ગૌરીબેન પટોળિયા, અસ્મિતાબેન કોલડિયા તેમજ પારૂલબેન સોસાને આ તકે મેમેન્ટો અને ગિફટ આપીને સન્માનિત કરવામાં આવેલ. ત્યારબાદ નૂતનબેન માલવિયા તથા ગૌરીબેન પટોળિયાએ કોલેજના સંસ્મરણો વાગોળીને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં કોલેજની વિદ્યાર્થિની કુ.જાગૃતિ સિંધવ અને કુ.કીર્તિ સિંધવ દ્વારા મેજર ધ્યાનચંદના જીવન વિષયક સ્પીચ આપવામાં આવી. ત્યારબાદ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા રમતગમતનો સંદેશ આપતો ડાન્સ રજૂ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન કોલેજની વિદ્યાર્થિની કુ. ધર્મિષ્ઠા ચાવડા દ્વારા તથા આભાર દર્શન ડો. વિલાસબહેન સોરઠિયા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયતના માર્ગદર્શન હેઠળ કોલેજના શારીરિક શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડો. જયશ્રીબેન મકવાણા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફે જહેમત ઉઠાવેલ.

## બગસરા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા બે એસ.ટી. કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૪

બગસરા એસ.ટી. ડેપોમાં ઘણા વર્ષોથી ફરજ બજાવતા ભાનકુભાઈ જગુભાઈ ધાધલ ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા તથા જગુભાઈ આલાભાઈ વાળા કંડકટર તરીકે ફરજ બજાવતા હતા તેમનો વહી મર્યાદાના કારણે વિદાય સમારંભ બગસરા એસ.ટી. વર્કશોપ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં બગસરાના મેનેજર ગઢવી તથા બગસરા એસ.ટી. ડેપોના અન્ય કર્મચારીઓ બહોળી સંખ્યામાં હાજર રહીને તેમને શ્રીફળ પડો અને સાલ ઓઢાડી વિદાય આપવામાં આવી હતી તેમજ બગસરા એસ.ટી. ડેપોના અન્ય કર્મચારીઓ દ્વારા તેમને સાલ ઓઢાડી ફુલ હારથી સન્માનિત કર્યા હતા.

## બાબરા : અબ્દુલ કલામ પ્રાથમિક શાળામાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ ઇન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં પોલીસ ગ્રાઉન્ડ ચોક ખાતે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક દિવસની ઉજવણી અચાર્યપ્રકાશભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ કરવામા આવી હતી. અહીં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ દ્વારા અલગ અલગ વર્ગમાં વિવિધ વિષયો પર વિધાર્થીઓને શિક્ષણ આપી એક દિવસ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી.

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોનિયાબેન કોટડીયા પણ શાળાની મુલાકાતે આવ્યા હતા અને વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવતું શિક્ષણ નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓને શિક્ષક દિવસનું મહત્વ સમજાવ્યુ હતું.

## વાપાળીયા પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી



અમરેલી, તા. ૪

આજ રોજ વાપાળીયા પ્રાથમિક શાળામા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. શાળાના ૨૧ જેટલાં વિદ્યાર્થી શિક્ષક બનીને જ્ઞાનની જયોતને પ્રગટાવી હતી, પ્રાર્થના સંમેલનથી લઈ વર્ગ વ્યવહાર સુધીનું શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. શાળા પરિવાર તરફથી બાળ શિક્ષકોને ઈનામ અને પ્રમાણપત્ર આપીને પોત્સાહિત કર્યા હતા.

### ભાવનગર મંડળમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડના ખર્ચે બનશે ૪૦ રોડ અન્ડર બ્રિજ

## ઢસા-રાજુલા, રાજુલા-મહુવા લેવલ ક્રોસિંગ દૂર કરીને રોડ અન્ડર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે

### લેવલ ક્રોસિંગ દૂર કરીને રેલ સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો

અમરેલી, તા. ૪

પશ્ચિમ રેલવે પોતાના મુસાફરોને સુરક્ષિત અને આરામ દાયક પ્રવાસ અનુભવ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છે. આ દિશામાં પશ્ચિમ રેલવેના તમામ ૬ મંડળોમાં મોટાભાગના લેવલ ક્રોસિંગ (ઈન્ટરલોક્ડ અને નોન-ઈન્ટરલોક્ડ બંને) બંધ કરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રેલવે પર લેવલ ક્રોસિંગ બંધ કરવાથી અનેક ફાયદા થાય છે, જેમ કે માર્ગ અને રેલ સુરક્ષામાં વધારો, ટ્રાફિક ભીડમાં ઘટાડો, અકસ્માતોમાં ઘટાડો, ટ્રેનની ઝડપમાં વધારો, સમય પાલનમાં સુધારો તેમજ સમગ્ર રેલ કામગીરીમાં સુગમતા અને કાર્યક્ષમતામાં વધારો. પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધાઓ વધારવા અને રેલ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા દિશામાં સતત આગળ વધી રહ્યું છે. મુસાફરોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જયાં “અમૃત સ્ટેશન સ્કીમ” હેઠળ સ્ટેશનોના પુનર્વિકાસનું કામ થઈ રહ્યું છે, ત્યાં મંડળ પર રેલવે ફાટકોને દૂર કરીને તેમની જગ્યાએ રોડ અન્ડર બ્રિજ (RUB), લિમિટેડ હાઈટ સબ-વે (LHS) અને રોડ ઓવર બ્રિજ (ROB) બનાવવા માટે પણ ઝડપી ગતિએ કામ થઈ રહ્યું છે. મુસાફરોની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે બોર્ડ દ્વારા ભાવનગર મંડળ પર વિવિધ બાંધકામ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે, જેમાં આશરે રૂ. ૩૫૦ કરોડ ખર્ચાશે. આ કાર્યોમાં લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ અને અન્ય સ્ટ્રકચરલ ડેવલપમેન્ટ કાર્યોનો સમાવેશ થાય છે. ભાવનગર મંડળના ઢસા-રાજુલા, રાજુલા-મહુવા, કાનાલુસ-પોરબંદર, જેતલસર-વાંસજાલિયા, રાજકોટ-જેતલસર, સુરેન્દ્રનગર-ધોળા અને સાબરમતી-બોટાદ સેકશનોમાં અનેક લેવલ ક્રોસિંગ દૂર કરીને RUBનું નિર્માણ કરવામાં આવશે. હાલમાં ભાવનગર મંડળ માં ૨૩૮ લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ ઉપલબ્ધ છે. આ સિવાય ૪૦ નવા બ્રિજ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને જલ્દી જ બાંધકામ કાર્ય શરૂ થઈ જશે.

“ફાટક મુકત ગુજરાત” અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભાવનગર મંડળના ૧૧ જિલ્લાઓમાં કુલ ૪૦ નવા લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ બનાવવામાં આવશે. આ નાણાકીય વર્ષ દરમિયાન અંદાજે રૂ. ૩૫૦ કરોડના ખર્ચે આ કાર્યો પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યો પૂર્ણ થતા મુસાફરોની યાત્રા વધુ સુરક્ષિત, સુગમ અને સુવિધાજનક બનશે તથા રેલવે કામગીરી પણ નિરાંતે સુનિશ્ચિત થઈ શકશે તેમ વરિષ્ઠ મંડલ વાણિજય પ્રબંધક પશ્ચિમ રેલવે ભાવનગર મંડલ દ્વારા જણાવાયું છે.

## અમરેલી શહેરના વિવિધ ગણેશ પંડાલોમાં સાસંદ સુતરિયાની પૂજા આરતી



અમરેલી, તા. ૪

અમરેલી શહેરમાં ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી વચ્ચે સાસંદ ભરત સુતરિયા દ્વારા વિવિધ પંડાલોની મુલાકાત લઈ પૂજા આરતી કરવામાં આવી. ભકિતભાવથી યોજાયેલી આ આરતીમાં મોટી સંખ્યામાં શહેરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાસંદએ ગણેશજીની કૃપા સર્વે જન પર બની રહે તેવી સમાજમાં સુખ-શાંતી, એકતા અને સમૃધ્ધિ છવાય તેવી હાર્દિક પ્રાર્થના કરી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે ગણેશ મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ ન નહીં પરંતુ સામાજિક એકતાનું પ્રતિક છે. આવા પર્વો દ્વારા સમાજમાં ભાઈચારૂ, પરસ્પર સહકાર અને સંસ્કૃતિ પ્રત્યેની લગાવની ભાવના વધુ મજબૂત બને છે. શહેરના વિવિધ પંડાલોમાં ભકિતમય માહોલ જોવા મળ્યો હતો. જેમાં નાના-મોટા, સ્ત્રી-પુરૂષ અને યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સાસંદએ શહેરવાસીઓને સંદેશ આપ્યો કે ગણેશજીના આશીર્વાદથી સમાજમાં પ્રગતિ અને વિકાસના નવા માર્ગો ખુલશે. ગણેશોત્સવ દરમિયાન આયોજિત સામૂહિક કાર્યક્રમો લોકો વચ્ચે સકારાત્મકતા ફેલાવવાનો શ્રેષ્ઠ માધ્યમ છે.

આ રીતે અમરેલી શહેરના ગણેશ પંડાલોમાં સાસંદ ભરત સુતરિયાની હાજરીએ ઉત્સવને વધુ ભવ્યતા આપી હતી.

# અમરેલી જિલ્લામાં પ્રથમવાર ૫૦ ઇંચ ફાયબર સ્કિન નગારૂ બન્યું









અમરેલી જિલ્લાના સાક્ષાત્ કલા અને હસ્તકલા ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચાયો છે. સાવરકુંડલા શહેરમાં આવેલી ગેબી ઈન્સ્ટુમેન્ટ દુકાનમાં પ્રથમવાર ૫૦ ઈંચનું ફાયબર સ્કિન નગારૂ તૈયાર કરવામાં આવ્યું છે. આ નગારૂ માત્ર આકાર અને કદમાં જ વિશાળ નથી, પરંતુ તેની બનાવટની પ્રકિયા, તેનો ઉપયોગ અને તેની માંગને જોતા સમગ્ર જિલ્લામાં ગૌરવનો વિષય બની ગયું છે. દુકાનના સંચાલક રાઠોડ કરણ અજયભાઈ જણાવે છે કે તેમના પરિવારમાં ઘણી પેઢીઓથી નગારા બનાવવાનો વ્યવસાય ચાલી રહ્યો છે. પરંપરાગત રીતે નગારા ચામડાની મદદથી બનાવવામાં આવતા, પરંતુ આધુનિક સમયમાં લોકોની માંગ અને સમયની જરૂરિયાત મુજબ નવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. તેના પરિણામરૂપ આ વખતે ફાયબર સ્કિનનો ઉપયોગ કરીને નગારા તૈયાર કરવામાં આવ્યો છે. વિશેષ ઓર્ડર પરથી શરૂ થયેલી પ્રક્રિયા આ ખાસ ૫૦ ઈંચના નગરાનો ઓર્ડર મધ્યપ્રદેશ રાજયના શિહોર ગામમાં આવેલા પ્રસિદ્ધ ગણપતિજીના મંદિર તરફથી મળ્યો હતો. મંદિરના ધાર્મિક કાર્યક્રમો અને ઉત્સવોમાં ધ્વનિની વિશિષ્ટતા જરૂરી હોય છે. મંદિર ટ્રસ્ટની માંગ હતી કે મોટું, ગજબનો અવાજ કરતું અને ટકાઉ નગારૂ બનાવવું. આ ઓર્ડર મળ્યા પછી ગેબી ઈન્સ્ટુમેન્ટની ટીમે કાર્ય શરૂ કર્યું. બનાવટની પ્રક્રિયા ૫૦ ઈંચના આ નગરાની બનાવટ સામાન્ય નગરાની જેમ સરળ નહોતી. સૌથી પહેલા તેનું ફ્રેમવર્ક તૈયાર કરાયું, જે માટે મજબૂત ધાતુનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્યારબાદ તેના ઉપર ફાયબર સ્કિન ચડાવવામાં આવી. ફાયબરનો ઉપયોગ કરવાની પાછળનો મુખ્ય હેતુ એ હતો કે ચામડાની સરખામણીએ ફાયબર વધારે ટકાઉ રહે છે, હવામાનના પ્રભાવને સહન કરી શકે છે અને લાંબા સમય સુધી સાઉન્ડ કવોલિટી જાળવી રાખે છે. આ સમગ્ર નગરાનું વજન આશરે ૭૦ કિલોગ્રામ જેટલું આવ્યું છે. આ વિશાળ કદ અને વજનને ધ્યાનમાં રાખીને તેને તૈયાર કરવા માટે ૧૦ દિવસનો સમય લાગ્યો હતો. અવાજની અનોખી વિશેષતા નગારા માત્ર એક સાધન નથી, પરંતુ તે ભકિત, ઉત્સવ અને પરંપરાનું પ્રતિક છે. જયારે ૫૦ ઈંચના આ નગરાને વાગાડવામાં આવે છે ત્યારે તેનો અવાજ ખૂબ જ દૂર સુધી સંભળાય છે. મંદિરમાં થતી આરતી, જુલુસ અથવા વિશેષ ધાર્મિક કાર્યક્રમોમાં આ પ્રકારના નગારા વડે ભકતોમાં ભકિતભાવ અને ઉત્સાહનો માહોલ સર્જાય છે. અમરેલી જિલ્લાના ગૌરવ અમરેલી જિલ્લો પોતે કૃષિ, સંસ્કૃતિ અને કલા માટે ઓળખાય છે. પરંતુ આ નગારૂ બનવાથી જિલ્લાના હસ્તકલા ક્ષેત્રમાં પણ એક નવી ઓળખ ઉભી થઈ છે. પરંપરાગત કલા અને આધુનિક તકનીકના સંયોજનથી બનેલું આ નગારૂ અન્ય કારીગરો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે. રાઠોડ કરણ અજયભાઈ જણાવે છે કે અત્યાર સુધીમાં નાના-મોટા અનેક પ્રકારના નગારા બનાવવામાં આવ્યા છે, પરંતુ ૫૦ ઈંચનું આ નગારૂ સૌથી મોટું અને અનોખું છે. આ સિદ્ધિ માત્ર તેમની દુકાન માટે જ નહીં, પરંતુ સમગ્ર અમરેલી જિલ્લાની પ્રતિષ્ઠાને ઊંચે લેનારી છે. આધુનિક સમયમાં ફાયબર નગારાની માંગ અગાઉ નગારા મોટેભાગે ચામડાથી બનાવાતા. પરંતુ હવામાન પરિવર્તન, લાંબા સમય સુધી ટકાઉપણું અને જાળવણીના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને હવે ફાયબર નગારા માટેની માંગ વધી રહી છે. ફાયબર નગરા અવાજની ગુણવત્તા જાળવી રાખવામાં સફળ રહે છે અને તેને ઉપયોગમાં સરળતાથી લઈ જઈ શકે છે. મંદિરો અને ઉત્સવોમાં વપરાશ આવા પ્રકારના વિશાળ નગારા મોટેભાગે મંદિરોમાં, ખાસ કરીને મોટા ઉત્સવોમાં ઉપયોગમાં લેવાય છે. આરતી, ભકિતગીતો અને ધાર્મિક કાર્યક્રમોમાં તેનો અવાજ ભકતોને એકતામાં બાંધે છે. ગણપતિ, નવરાત્રી, હોળી જેવા તહેવારોમાં પણ આવા નગારા ખૂબ લોકપ્રિય છે. ભવિષ્યની દિશામાં પગલું આ સિદ્ધિથી પ્રેરાઈને ગેબી ઈન્સ્ટુમેન્ટ હવે વધુ મોટા અને અલગ પ્રકારના નગારા બનાવવા માટે આયોજન કરી રહી છે. તેમની ઈચ્છા છે કે નગરાની કળાને ભારતના દરેક ખૂણે પહોંચાડે અને અમરેલી જિલ્લાને આ ક્ષેત્રમાં આગવું સ્થાન અપાવે. અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં બન્યું આ ૫૦ ઈંચનું ફાયબર સ્કિન નગારૂ માત્ર એક સંગીત સાધન નથી, પરંતુ એ કારીગરોની મહેનત, પરંપરા અને નવીનતાનો અદ્ભૂત સંયોજન છે. ૭૦ કિલોગ્રામ વજન ધરાવતું અને ૧૦ દિવસની કઠિન મહેનત પછી તૈયાર થયેલું આ નગારૂ હવે મધ્યપ્રદેશના શિહોર ગામના ગણપતિ મંદિરની શોભા વધારશે. આ સાથે જ અમરેલી જિલ્લાના કારીગરોની કળા અને પ્રતિભા આખા દેશમાં પ્રસિદ્ધ થઈ રહી છે, જે દરેક અમરેલીવાસી માટે ગૌરવની વાત છે.

# અમરેલી ખાતે સારહિ તપોવનનાં તપસ્વીઓ માટે આરોગ્ય કેમ્પ યોજાયો



માનવતાની મીશાલ જળહળતી રાખતી સામાજીક સંસ્થા સારહી તપોવન આશ્રમ ખાતે સંસ્થાના નિવાસી તપસ્વિઓ માટે પટેલ વિદ્યાર્થી આશ્રમ સંચાલીત ડી.એમ. પટેલ ફીઝીયો થેરાપી કોલેજ દ્વારા તા.૧/૯/૨૫ના રોજ મેડીકલ કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા ફીઝીયોથેરાપી ડો. કલ્પેશભાઈ વસાણી, ડો. માનસી ગઢવી, ડો. કાંચી દવે, ડો. ઋત્વી વ્યાસ તથા વિમલભાઈ ગોહિલ, કિશનભાઈ ખેર સ્ટાફ દ્વારા તપસ્વિઓની સારવાર કરવામા આવેલ તદ્ઉપરાંત કેમ્પમાં આર્યુવેદીક ડો. આરૂષિ બુમતરીયા, આરતી બાલા રાઠોડ દ્વારા આર્યુવેદીક ઉપચારની સમજણ આપવામા આવેલ હતી, સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગતો મેળવી મુકેશભાઈ સંઘાણી સહિતની સારહી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે સારહી તપોવન આશ્રમ ખાતે સંસ્થા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ઋજુલભાઈ ગોંડલીયા સહિત ઉપસ્થિત રહયા હતા. સારહી પરિવાર દ્વારા ફીઝીયોથેરાપી કોલેજનો હદયપૂર્વક આભાર માનવામા આવેલ તેમ સારહી તપોવન આશ્રમની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠી ખાતે ૭૬માં વન મહોત્સવની

છે. વૃક્ષો જ પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા કાર્બન ડાયોકસાઈડ વાતાવરણમાંથી શોષીને પ્રાણવાયુ ઓકિસજન આપે છે. આ ઓકિસજનનું મહત્વ આપણે કોરોનાકાળ માં સુપેરે સમજયા છીએ. ત્યારે પર્યાવરણીય સંતુલન જાળવવા વૃક્ષોનું વાવેતર અનિવાર્ય છે.

તેમણે પરિવારના દરેક સભ્ય એક વૃક્ષનું વાવેતર અને તેનો ઉછેર કરવાનો સંકલ્પ લેવાનો અનુરોધ કરતા કહ્યું કે, તત્કાલીન કૃષિ મંત્રી કનૈયાલાલ મુનશીએ વર્ષ ૧૯૫૦માં વન મહોત્સવની શરૂ કરેલી પરંપરા આગળ ધપીને આજે ૭૬મો વન મહોત્સવ ઉજવી રહ્યા છીએ.

રાજય સરકારે પણ ગુજરાતને હરિયાળું બનાવવા માટે નવીન આયામો શરૂ કર્યા છે. તે જ શૃંખલામાં રાજયમાં સાંસ્કૃતિક વનો ઉભા કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગળતેશ્વર ખાતે નિર્મિત ૨૪મા સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કર્યુ હતું. આમ, સાંસ્કૃતિક વનોની હારમાળામાં ઉમેરો થઈ રહ્યો છે.

અમરેલી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની 'એક પેડ મા કે નામ' વૃક્ષારોપણની પહેલથી લોકો માત્ર વૃક્ષનું વાવેતર કરવા પૂરતા સિમિત ન રહેતા તેના ઉછેર કરવા માટે પણ પ્રેરિત થયા છે. તેમણે કહ્યું કે, વન મહોત્સવના કાર્યક્રમો થકી લોકો વૃક્ષોના વાવેતર માટે પણ પ્રેરિત થઈ રહ્યા છે. તેમણે સલામત ભવિષ્ય માટે અચૂક વૃક્ષોના વાવેતર માટે અપીલ પણ કરી હતી.

સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ પ્રસંગિક સંબોધનમાં સેના સહિયારા પ્રયાસોથી વૃક્ષોના વાવેતર જતન માટે પ્રેરણાદયી વાત કરી હતી.

આઈ.એ.એસ. અભિષેક સામરીયાએ વનોને જીવન ચક્રનો આધાર સ્તંભ ગણાવતા કહ્યું કે, ગુજરાત સરકારની જુદી જુદી યોજનાઓના માધ્યમથી ગ્રીન કવર વધારવામાં આવી રહ્યું છે, અમરેલી જિલ્લામાં ૧૨ હેકટરમાં ૧૦ વનકવચ ઊભા કરવાની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યુ હતું કે, વધતી જતી કુદરતી આફતો સામે પર્યાવરણ સંતુલન જાળવવું ખૂબ મહત્વનું બની રહે છે, જે વૃક્ષ ઉછેરના માધ્યમથી જ શકય બનશે.

આ પ્રસંગે એગ્રો ફોરેસ્ટ્રી યોજનાના પાંચ લાભાર્થી ખેડૂતોને ૧૪,૨૦૦ વૃક્ષોના વાવેતર માટે સહાય પેટે કુલ ૯૮ હજારની સહાય વિતરિત કરવામાં આવી હતી.

લાઠી માર્કેટિંગ યાર્ડના હોદ્દેદારો અને ધારાસભ્ય જનક તળાવીયાએ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનું વિશેષ સ્વાગત–સન્માન કર્યુ હતું. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક ડી.એચ. ભારાઈએ શાબ્દિક સ્વાગત અને મદદની વન સરક્ષક રાજન જાદવે આભાર વિધિ કરી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં કલાપી વિનય મંદિર અને એન એચ સંઘવી હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત કરી મહાનુભાવોને આવકાર્ય હતા.

આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, લાઠી તાલુકા પ્રમુખ મધુભાઈ નવાપરા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, લાઠી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ દકુભાઈ પડશાળા, અગ્રણી સર્વ ભાવનાબેન ગોંડલીયા, ભરતભાઈ ડેર, ધર્મેશભાઈ સોની, હિંમતભાઈ રાઠોડ, પ્રકાશભાઈ મેર, બાબુભાઈ ધોળકિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ૫ સપ્ટેમ્બર, ''રાષ્ટ્રીય શિક્ષક દિન''

# ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈઃ શ્રી ગુરૂદેવ નમઃ

### ગુરૂ ગોવિન્દ દોનોં ખડે, કાહે લાગૂં પૉંય બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દિયો બતાય

અમરેલી, તા. ૪

૫ સપ્ટેમ્બર એટલે ''રાષ્ટ્રીય શિક્ષક દિન.'' મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન ''શિક્ષક દિન'' તરીકે ઊજવાય છે. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફ્રિડમ નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતા. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઈન ફ્રિડમ સંધી હેઠળ શિક્ષકોનાં અધિકારો, જવાબદારી અને શીખવા–શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યૂનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે. આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.



જો કે વિનાં જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે જેમાં ભારતમાં ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન હોય છે. આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક. જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. વિદ્યા જેવુ અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા આવ્યા છે. કારણ કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ પણ તેનું જ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે.

–મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં રેજાંગલા રજકળશ યાત્રાનું

શૌર્યગાથાને ચિરંજીવી બનાવવા આ યાત્રા સમગ્ર દેશમાં ફરે છે.

યાત્રા અમરેલી જિલ્લામાં પ્રવેશતા જ આહીર સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક તેનું સ્વાગત કર્યુ. ઈરીયા ગામથી પ્રારંભ કરાયેલી આ ભવ્ય શોભાયાત્રા અમરેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. રસ્તા પર ઉભેલા હજારો લોકોએ ફૂલો વરસાવીને યાત્રાનો આવકાર કર્યો અને દેશભકિતના નાદે ગુંજતા વાતાવરણમાં એકતા અને ગૌરવનો અહેસાસ સર્જાયો.

આ પ્રસંગે લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, સ્થાનિક અગ્રણી આગેવાનો અને અમરેલી જિલ્લાના વિવિધ વર્ગોના નાગરિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિતિ દર્શાવી. કાર્યક્રમમાં શહીદોના પરિવાર પ્રત્યે આભાર વ્યકત કરવામાં આવ્યો અને ભારતીય સેનામાં અલગથી આહિર રેજિમેન્ટ રચવાની વર્ષોથી ચાલતી આવી રહેલી માંગને વધુ વેગ મળ્યો.

રેજાંગલા રજ કળશ યાત્રા માત્ર એક શોભાયાત્રા નથી, પરંતુ તે શહીદોના બલિદાનને નમન કરવાનો તેમજ ભવિષ્યમાં આહીર સમાજના યુવાનોને સેનામાં સન્માનિત સ્થાન મળે તેની માંગને જોરદાર બનાવવાનો એક પ્રતીકાત્મક પ્રયાસ છે. આ રીતે અમરેલીમાં આજે શ્રદ્ધા, દેશપ્રેમ અને સૈનિક પ્રત્યેના ગૌરવ સાથે એક અનોખો ઐતિહાસિક પ્રસંગ સર્જાયો.

## પાના ૧ ઉપરનું ચાલું બોલેરા પાછળ બાઈક ઘુસી જતાં

સોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે રાજુલાના દાતરડી ગામ નજીક બ્રિજ નજીક બોલેરો વાહન રોડ ઉપર ઉભું રાખવામાં આવ્યું હતું મહુવા તરફથી બાઈક સવાર ૨ લોકો પાછળથી પુરપાટ સ્પીડે આવતા હતા બોલેરો ચાલકની ગંભીર બેદરકારી રોડ ઉપર રાખવામાં આવ્યું હોવાથી પાછળથી બાઈક સવાર બોલેરોની પાછળ ઘુસી જતા બંનેને પ્રથમ ગંભીર ઈજાઓ થતા એમ્બ્યુલસ મારફતે રાજુલા અને મહુવા હોસ્પિટલમાં ખસેડવામાં આવતા બંનેના અલગ અલગ રાજુલા અને મહુવા હોસ્પિટલમાં મોત થતા પરિવારમાં શોકનો માહોલ ઉભો થયો છે. મૃતક ખીમાભાઈ મુળુભાઈ ક્વાડ ઉ ૬૫ રહેવાસી છતડીયા, પિયુષભાઈ મનુભાઈ ક્વાડ રહેવાસી રાજુલા બને મહુવાથી રજુ તરફ આવતા દરમ્યાન અકસ્માત સર્જાયો હતો અને બંનેને ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થતા પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ડુંગર પોલીસ અકસ્માતનો ગુન્હો નોંધશે.

રાજુલા તાલુકામાં આવેલ ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ દાતરડી ગામ નજીક બોલેરો બાઈક સાથે અથડાય અકસ્માત સર્જાતા બનેના મોત થયા છે બોલેરો ચાલક સામે અકસ્માતનો ગુન્હો નોંધવા માટેની તજવીજ હાથ ધરી છે બોલેરો ચાલકની શોધખોળ શરૂ કરી ધરપકડ કરવા માટેની કવાયત હાથ ધરી છે.

## પાના ૮ ઉપરનું ચાલું શિક્ષકે વિદ્યાર્થી સાથે કર્યા અડપલા

ધોરણ–૭માં અભ્યાસ કરતા હોય અને આરોપી શૈલેષભાઈ ખુંટ તે સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય અને પરિણીતાનો દિકરો સગીરવયના હોય તેવુ આરોપી જાણતા હોવા છતાં આરોપીએ સ્કુલના કોમ્પ્યુટર લેબમાં તથા સ્કુલની પાછળના ભાગમાં નવેળામાં તેમજ સ્કુલની અગાસી ઉપર તેમજ સ્કુલના જુના બાથરૂમ તેમજ પોતાના બેડરૂમ વિગેરે એકાંત જગ્યાએ લઈ જઈ ભોગ બનનાર સગીરના શરીર સાથે અડપલા કરી કીસ કરી તેમજ પેન્ટની અંદર હાથ નાખી બિભત્સ ચેનચાળા કરી તેમજ હાથ ફેરવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું આરોપીની પાસા હેઠળ અટકાયત

શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકો સામે દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ. કોલાદરાનાઓએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ શીવરાજ ઉર્ફે શીવા વાલાભાઈ ધાખડા, (રહે.વડ, તા.રાજુલા) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, અમરેલી પોલીસ અધિક્ષક દ્વારા અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

આવા ભયજનક વ્યકિતની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્રાજ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા આરોપી શીવરાજ ઉર્ફે શીવા વાલાભાઈ ધાખડાને પાસા વોરંટની બજવણી કરી, પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ–ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

પાસા અટકાયતી શીવરાજ ઉર્ફે શીવા વાલાભાઈ ધાખડા વિરૂધ્ધમાં ખુનની કોશિષ, લુંટ, છેડતી, મારામારી, સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ સહિતના ૩૦ જેટલાં ગુનાઓ અમરેલી જિલ્લામાં પોલીસ ફરિયાદ નોંધાયેલ છે. ત્યારે આવા ગંભીર ગુન્હાના આચરતા ઈસમ સામે પાસા હેઠળ કાર્યવાહી કરી, જેલ હવાલે કરી, અસામાજિક પ્રવૃતિ કરતા ઈસમો સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.

## અવસાન નોંધ

**દામનગર :** મુંબઈના રહીશ રવિશંકર કાનજીભાઈ ત્રિવેદી ઉ.વ.(૮૬)નું ગાંધીનગર મુકામે તા. ૧/૯/૨૫ ના રોજ અવસાન થયેલ છે તે સ્વ. પ્રવિણાબેનના પતિ થાય સ્વ. કાંતિભાઈ, સ્વ.વિશ્વનાથભાઈ, સ્વ.સૂર્યકાંતભાઈ, સ્વ.જવાહરભાઈ, અનિલભાઈના ભાઈ થાય. સસુર પક્ષે સ્વ. દુર્લભજીભાઈ ઉમિયા શંકર (મુંબઈ)ના જમાઈ થાય અને પ્રકાશભાઈ, પ્રદિપભાઈ તથા શરદભાઈ (મુંબઈ)ના બનેવી થાય. તેઓ કિર્તીભાઈ(નિવૃત્ત આચાર્ય કે.વ. શાળા, ઉમરાળા, હાલ–વડોદરા)પાર્થેશભાઈ (પ્રિન્સિપાલ એમ.સી.મહેતા હાઈસ્કૂલ દામનગર), વિમલભાઈ (સચીવાલય,ગાંધીનગર), મધુબેન સી.ત્રિવેદી (ભાવનગર), કૈલાસબેન આર. ત્રિવેદી(સુરત), નયનાબેન જે. જાની(ભાવનગર)ના કાકા થાય,તેમજ ગૌતમભાઈ, પ્રજ્ઞાબેન, આરતીબેન ના દાદા થાય. સદ્ગતની સાદડી તા ૦૫/૦૯/૨૫ ને શુક્રવારે વિદ્યાર્થી ભવન કકુરામ મંદિર સામે, સિધુનગર, ભાવનગર બપોરે ૩.૦૦ થી ૬.૦૦ રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૩ | ૯૭૩ |
| ૨ | શિંગ મોટી | ૬૦૫ | ૧૧૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૦૬ |
| ૫ | તલ સફેદ | ૧૦૨૧ | ૨૧૮૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૬૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૦૦ | ૨૩૪૩ |
| ૮ | બાજરો | ૪૪૨ | ૫૨૫ |
| ૯ | જુવાર | ૫૨૫ | ૭૭૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૮૦૦ | ૧૬૫૫ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૩૪૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૨ | ૧૧૪૬ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૯૦ | ૧૨૧૧ |
| ૧૭ | ચોળી | ૬૯૭ | ૬૯૭ |
| ૧૮ | તુવેર | ૧૦૪૫ | ૧૨૫૧ |
| ૧૯ | વાલ | ૭૬૦ | ૮૮૮ |
| ૨૦ | કપાસ | ૮૦૦ | ૧૫૮૬ |
| ૨૧ | એરંડા | ૧૨૩૦ | ૧૨૫૦ |
| ૨૨ | જીરૂ | ૨૮૦૦ | ૩૬૨૦ |
| ૨૩ | રાય | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૨૪ | ધાણા | ૧૪૬૫ | ૧૪૫૫ |
| ૨૫ | રાયડો | ૧૦૭૦ | ૧૩૦૨ |
| ૨૬ | મેથી | ૭૦૦ | ૮૪૦ |
| ૨૭ | સોયાબીન | ૭૪૦ | ૮૪૩ |
| ૨૮ | રજકાનું બી | ૨૪૦૦ | ૮૧૭૫ |
| ૨૯ | વરીયાળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩૦ | કાંગ | ૨૮૫ | ૩૯૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | – | ૧૦૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૧૫ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૪૩૬૫ |
| ૪ | જીરૂ | – | ૩૫૭૬ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૪૨ |
| ૬ | કપાસ નવો | ૮૨૫ | ૧૩૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૧ | – |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૮૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૪૦૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૬ | ૧૨૩૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૨ | તુવેર | ૯૦૦ | ૧૦૯૭ |
| ૧૩ | મેથી | ૮૫૧ | – |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૨૭૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૭૫૦ | ૧૨૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૫૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૧ |
| ૪ | સોયાબીન | ૭૩૫ | ૮૧૦ |
| ૫ | ચણા | ૬૦૦ | ૧૦૪૦ |
| ૬ | મગફળી | ૬૦૫ | ૯૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૪૫ |
| ૮ | મગ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૯ | ધાણા | ૯૩૦ | ૧૨૩૫ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | કાંગ | ૪૦૦ | ૪૭૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૨૦ | ૧૨૮૦ |
| ૧૩ | શીંગફાડા | ૯૦૦ | ૧૦૫૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૧૨૦ |
| ૧૫ | ડુંગળી | ૧૩૦ | ૧૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૫ | ૧૫૯૫ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૫ | ૧૯૧૫ |
| ૩ | જીરૂ | ૨૭૬૫ | ૩૫૨૫ |
| ૪ | ઘઉં | ૪૫૫ | ૫૩૫ |
| ૫ | ચણા | ૧૦૧૫ | ૧૦૯૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૧૦ | ૧૩૩૦ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં | ૫૧૧ | ૫૫૫ |
| ૪ | મગ | ૧૩૦૦ | ૧૩૦૧ |
| ૫ | ધાણા | ૧૨૧૦ | ૧૩૦૦ |
| ૬ | તલ | ૧૨૨૫ | ૧૫૪૫ |
| ૭ | શીંગ ફાડા | ૧૧૨૦ | ૧૧૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૯૪૧ |
| ૨ | તલ સફેદ | ૧૬૨૭ | ૩૮૫૧ |
| ૩ | તલ પીળા | ૧૯૫૧ | ૧૯૭૦ |
| ૪ | બાજરો | ૩૭૦ | ૫૮૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૭૮૬ |
| ૬ | જુવાર | ૩૮૬ | ૯૦૦ |
| ૭ | મગ | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૧૭૦ |
| ૯ | જીરૂ | ૨૮૨૮ | ૨૮૨૮ |
| ૧૦ | રજકાબી | ૨૦૨૦ | ૨૦૨૦ |
| ૧૧ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |

# મોટા ભમોદરા ગામે ભાદરવી અગિયારસની અનોખી ઉજવણી





સાવરકુંડલા, તા. ૪

સવારકુંડલા તાલુકાના મોટા ભમોદરા ગામે ભાદરવી અગિયારસ એટલે જળ ઝીલણી અગિયારસ.. અહીં મોટા ભમોદરા ગામે તેની કંઈક અનોખી રીતે ઉજવણી કરવામાંઆવેછે. વર્ષોજૂની પરંપરા પ્રમાણે અહીં આવેલ રામજી મંદિરેથી ઠાકરને માથા પર લઈને દોડતાં દોડતાં અહીંથી ચારેક કિલોમીટર દૂર કેદારીયા ગામે ઠાકરને જળ જીલવા લઈ જવામાં આવે છે. આમ ભારતીય સંસ્કૃતિની ખરા અર્થમાં ધરોહર સમાન છે અને ગ્રામ્ય વિસ્તારોમાં આવી પ્રથાઓ કે પરંપરાઓ જળવાઈ રહી છે.

# વડેરા ખાતે સર્ગભા મહિલાને પૌષ્ટિક આહારનુ વિતરણ કરાયુ



અમરેલી, તા. ૪


ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પોગ્રામ અંતર્ગત આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાખાતે નોંધાયેલા પરપ્રાંતીય શ્રમિક પરીવારના સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને બાળ ઉછેર, સગર્ભા અવસ્થામાં આરોગ્યની કાળજી, સરકારની આરોગ્યની સેવાઓનો લાભ તથા વાડી વિસ્તારમાં વન્યજીવો સાથે સહજીવિતા જળવાય રહે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. તેમજ સીંગ, દાળિયા અને ગોળનું પૌષ્ટિક આહારૂપે વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમા વડેરા અને રંગપુર ગામની વાડી વિસ્તારમાં રહેતી ૩૨ સગર્ભા અને ધાત્રી બહેનોને લાભ આપવામાં આવેલ.

# દામનગરમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટ સેવા બંધ

દામનગર, તા. ૪

દામનગર શહેરની કે.કે. નારોલા પ્રાથમિક શાળાના મનસ્વી નિર્ણય દૂર સ દુરથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ રજળી પડે તેવી મનમાની વાલીઓમાં ચિંતા મોટાભાગે એસ.એમ.સી કમિટીમાં રાજકીય નેતાઓની ભલામણથી સ્થાનિક રહેતા ન હોય તેમને નિમણુંકો એસ.એમ.સી.ની ગ્રાન્ટના વપરાશ માટે ખોટા બિલ વાઉચરો બનાવી શાળા મેન્જેમેન્ટ કમિટીઓ ચલાવાય રહી છે અનેક શાળાઓમાં શિક્ષકો શેર બજારો કે ખાનગી ઈન્વેસ્ટરો બની ક્યાં વધુ રોકાણ કરવાથી ફાયદો મળે તેમાં રચ્યા પચ્યા રહે છે ભાવિ પેઢીનું ઘડતર કરવાની જવાબદારી જેમની છે તે આવી રીતે કેમ કરી શકે કેળવણી નિરીક્ષક ટીપીઓ ડી.પી.ઓ સહિત શિક્ષણ સમિતિના ચેરમેન જિલ્લા સાંસદ સુધી લેખિત રજુઆત અનેક વાલીઓમાં ચિતા અંતરયાળ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓના હક્ક છીનવી લેવાનું કારણ શું ? અનેક શાળાઓની વિદ્યાર્થીનીઓને શિક્ષકો દ્વારા ઘરકામ પણ કરાવતું હોવાની રાવ વિદ્યાર્થીઓને ભણવા મોકલાય છે કે દાહોતા કરવા ?

# વંડાના લેખક સુધીરભાઈ મહેતાનો ૬૬માં વર્ષમાં પ્રવેશ



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા તાલુકાના વંડા ગામના વતની લેખક સુધીર કે. મહેતાનો જન્મદિવસ આગામી તારીખ ૫/૯/૨૫ શુક્રવારે છે. તેમની આ વર્ષગાંઠના દિવસે શિક્ષકદિન છે. તેઓ ૬૬માંવર્ષમાં મંગલ પ્રવેશ કરે છે.

લેખક સુધીરભાઈ મહેતા રાજય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષક છે. આજીવન શિક્ષણના ભેખધારી આદર્શ શિક્ષકનો જન્મ શિક્ષકદિને તારીખ ૫/૯/૧૯૬૦ના રોજ વંડા ગામે પિતાશ્રી કાનજીદાદા અને માતૃશ્રી મગળબાની કુખે જન્મ થયો છે. લેખક સુધીરભાઈ મહેતાએ ૨૭ પુસ્તકો લખેલ છે. જેમાં આઠ પુસ્તકો વ્યકિત ચરિત્ર ઉજળી પ્રતિભાઓના જીવન ચરિત્રો લખેલ છે.

આકાશવાણી દૂરદર્શન કેન્દ્રમાં તેમની કલમનો રસાસ્વાદ સમાજને આપેલ છે. હજુ પણ શિક્ષક માટે તેઓ સતત પ્રવૃત રહીને બાળકો સાથે જ્ઞાન સાથે ગમ્મત પીરસે છે.

સાદુ અને સંયમી જીવન જીવે છે. અનેક માન સન્માન એવોર્ડ તેમને અર્પણ થયેલ છે. તેમની ૬૬મી વર્ષગાંઠ પ્રસંગે અનેક શુભેચ્છાઓ તેમને પાઠવવામાં આવેલ છે. સુધીરભાઈ મહેતાનો મોબાઈલ નંબર ૯૪૨૮૬ ૨૦૫૬૨છે.

# કોવાયા ખાતે આહીર એજયુકેશન સમિતિ દ્વારા સન્માન સમારોહ યોજાશે



કોવાયા, તા. ૪

રાજુલા, આહીર એજયુકેશન સમિતિ–રાજુલા દ્વારા દર વર્ષે દિવાળી પછી કારતક સુદ ત્રીજના દિવસે જુદાજુદા ગામે તેજસ્વી વિદ્યાર્થીઓ અને નવા સરકારી નોકરીયાતોના સન્માન માટેનો કાર્યક્રમ અને સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે આ સન્માન સમારોહ બારપટોળી મુકામે આયોજીત થવાનો છે. આ સન્માન સમારોહ માટે આ વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓ અને નવા નોકરીયાતોની માહિતી એકઠી કરવા માટે આજરોજ આહીર સમાજવાડી, રાજુલા ખાતે એક મિટિંગ બોલાવામાં આવી હતી.

આ મિટિંગમાં દરેક ગામના આહીર એજયુકેશન સમિતિના સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા અને આગામી તા.૨૦/૯/૨૫ સુધીમાં વિદ્યાર્થીઓની અને નવા નોકરીયાતોની માહિતી એકઠી કરી લેવાનુ નક્કી કર્યુ હતુ.

# અમરેલી સ્થિત ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે આજે શિક્ષક દિનની ઉજવણી

અમરેલી, તા. ૪

અમરેલીના ચક્કરગઢ રોડ સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિનની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ પસંદગી પામેલા શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક એનાયત કરીને તેમને સન્માનિત કરવામાંઆવશે.

ઉલ્લેખનીયછેકે, તાલુકાકક્ષાએ પ્રાથમિકશાળાશિક્ષક પારિતોષિક કેડરમાં રાજુલાના સમઢીયાળા–૧ની પ્રાથમિકશાળાના શિક્ષક સોનલબેન ડાભી, લીલીયાના અંટાળીયાની પ્રાથમિકશાળાના શિક્ષક દીક્ષિત સરવૈયા અને સાજણટીબાની પ્રાથમિક શાળાના શિક્ષક વર્ષાબેન શાહ, લાઠીના ધ્રુફણીયા પ્રાથમિક શાળાના શિક્ષક અપેક્ષાબેન બગસરીયા, અમરેલીના હરીપુરા પ્રાથમિક શાળાના શિક્ષક હિમાંશુ કુમાર જોશી, સાવરકુંડલાના ડેડકડી પ્રાથમિક શાળાના શિક્ષક સમાબેન બલોચ ઉપરાંત જિલ્લાકક્ષા પ્રાથમિક શાળા શિક્ષક પારિતોષિક કેડરમાં લીલીયાના બવાડી પ્રાથમિક શાળાના શિક્ષક વરૂણકુમાર દવે, સાવરકુંડલાના ગાધકડા કલસ્ટર સી.આર.સી કેડરમાં શિક્ષક મયુરભાઈ દેસાઈ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક પારિતોષિક કેડરમાં ટીનાબેન ધરમશીભાઈ ભૂતને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પારિતોષિક એનાયત કરવામાં આવશે. તેમ અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીની યાદીમાં જણાવવામાંઆવ્યુંછે.

# દામનગરમાં સ્ટ્રીટ લાઈટમાંથી પાવર ચોરીને લઈને અનેકવિધ ચર્ચા



દામગર, તા. ૪

દામનગર શહેરની નગર પાલિકાના સ્ટ્રીટ લાઈટ દિવાબતી માટે સ્થાપવામાં આવેલ અસંખ્ય વીજ મીટરોમાં મોટી સંખ્યાના ગેર કાયદેસર વીજ કનેક્શન મુદ્દે સદસ્યની લેખિત રજુઆતથી સામાન્ય સભામાં સૌ કોઈ ચૂપ સાચું હોય તો શરમ જનક કહેવાય નગર પાલિકાના સદસ્ય દ્વારા લેખિત એકરાર પછી પણ પાલિકા પગલાં લેવાના બદલે આંખ આડા કાન કરી વીજ ચોરોને ખુલ્લી મદદ કરી રહી હોવાનું સ્પષ્ટ પણે પુરવાર પાલિકા દ્વારા જાહેર દિવાબતી માટે વિવિધ વિસ્તારોમાં સ્થાપેલ વીજ મીટરોમાં અસંખ્ય ગેર કાયદેસર વીજ કનેકશન મુદ્દે તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ પી જી બી સી એલ અને પાલિકા બંને મેન કેમ ? આ વીજ ચોરીનું ભારણ શહેરિજનો ભોગવી રહ્યા છે આવા ગેર કાયદેસર વીજ કનેકશન પાલિકા અને પી.જી.વી.સી.એલ કચેરીએ સંકલન કરીને દૂર કરવા જોઈએ આ આક્ષેપ કોઈ સામાન્ય વ્યકિત દ્વારા નહિ પણ પાલિકાના સદસ્યએ લેખિતમાં કયારે કર્યો હોય ? કેટલી બધી સચોટ બાબત હોય પાલિકા તંત્ર આટલી બધી મહેરબાન કેમ હશે ? ૨૪ કલાક ચાલતા આવા ગેર કાયદેસર વીજ કનેક્શનોનું વીજ ભારણ શહેરીજનો શુ કામ ભોગવે ? આ અંગે પાલિકાની સામાન્ય સભા તા. ૨૯/૮/૨૫ના રોજ મળી તેમાં આ મુદ્દે ચર્ચાને સમર્થનના બદલે સત્તાધીશો પુરાવા માંગી વીજ ચોરોને રીતસર મદદ કરતી જોવા મળી શરમની વાત કહેવાય છાસમાં માખણ જાય અને ફુહડ કહેવાય અનેક હંગામી વપરાશ કરતા ઓના હજારો ગેર કાયદેસર વીજ કનેક્શન નિરંતર ચાલે છે પાલિકા અને પી જી વી સી એલ બંને ચૂપ કેમ હશે ?

# ગાયનું છાણ બની શકે છે, આજીવિકાનું સાધન



અમરેલી, તા. ૪

ખૂબ જ સામાન્ય અને કોઈ પણ જાતની કિંમત ચૂકવ્યા વિના સહેલાથી મળી રહેતા ગાયના છાણમાંથી વિવિધ વસ્તુઓ બનાવી સારી એવી આવક ઊભી થઈ શકે છે. ગામડા અને શહેરોમાં કોઈ પણ જગ્યાએ છાણમાંથી ટાઈલ્સ બનાવી તેનો ઉદ્યોગ શરૂ કરી શકાય છે. સામાન્ય રીતે ગામડાઓમાં ખેડૂતોનાં ઘરમાં ગાયનાં છાણની ઉપયોગ અનેક રીતે કરતા જોવા મળે છે, લોકો ચુલ્લા અને ઘરને લીપવા માટે પણ તેનો ઉપયોગ કરે છે. પરંતુ તેમાંથી ટાઈલ્સ બનાવી સારી એવી આવક રોજગાર પણ મેળવી શકાય છે. રસાયણો અને પ્રદૂષણમુકત હોવાની સાથે સાથે તેનો બીજો ફાયદો એ છે કે, ખૂબ જ ઓછા ખર્ચ સાથે આ વ્યવસાય શરૂ કરી શકાય છે. આ ઉપરાંત છાણમાંથી મૂર્તિ, કલાકૃતિ, ચપ્પલ, મોબાઈલ કવર, ચાવી રિંગ જેવી અન્ય વસ્તુઓ પણ બનાવી શકાય છે. ગાયનાં છાણમાંથી ટાઈલ્સ બનાવવા માટે છાણને બે દિવસ સુધી તડકામાં સૂકવી અને મશીનમાં તેનો ભુક્કો તૈયાર કરવામાં આવે છે. સાથે તેમાં ચંદન પાઉડર, કમળ અને નીલગીરીનાં પાનનું મિશ્રણ કરી પેસ્ટ બનાવી અલગ અલગ આકારમાં ઢાળવામાં આવે છે. આ ટાઈલ્સ બનાવવામાં માટે જરૂરી સામગ્રી ઠંડક પ્રધાન હોવાથી ઘરમાં લગાવવાથી ગરમીના દિવસોમાં તાપમાન ૬ થી ૮ સેલ્સિયસ બહારનાં તાપમાન કરતા ઓછું થઈ જાય છે અને આસપાસનું વાતાવરણ પણ શુધ્ધ રહે છે. આ ઉપરાંત ઠંડક પ્રદાન કરતી અન્ય સામગ્રી પણ ઉપયોગમાં લઈ શકાય છે. આ ટાઈલ્સ પર ખુલ્લા પગે ચાલવાથી ઠંડક મળે છે અને શરીરને અનુરૂપ તાપમાન પણ મળે છે. એક ફૂટ એરિયામાં જોઈતી ટાઈલ્સની કિંમત ૧૫ થી ૨૦ રૂપિયા હોય છે. ગોબર ટાઈલ્સ માનવશરીર માટે અત્યંત ફાયદાકારક માનવામાં આવે છે. તેને ઘરમાં લગાવવાથી પ્રદૂષણમુકત હવા મેળવી શકાય છે. ઉનાળાની મૌસમમાં ખુલ્લા પગે તેના પર ચાલવાથી શરીરને અનુકૂળ તાપમાન મળી રહે છે, જેને કારણે વીજળીને પણ બચત થાય છે. શહેરમાં વસવાટ કરીને પણ ગામમાં રહેવા જેવી અનુભૂતિ તેના થકી શકય છે. દેશી ગાયની પ્રજાતિનું સંરક્ષણ કરવા માટે આ પ્રકારનો વ્યવસાય શ્રેષ્ઠ છે, જેને શરૂ કરવા માટે આશરે ૫૦ હજાર કે ૧ લાખ રૂપિયા સુધીનો ખર્ચ આવે છે. કારખાનું સ્થાપવા માટે જો આપની પાસે જગ્યા ના હોય તો જગ્યા લેવાની રહે છે અને ઓર્ડર મુજબ લોકોની માગણી પ્રમાણે બનાવી ઉદ્યોગ શરૂ કરી શકાય છે. ખૂબ નજીવા એવા ખર્ચ સાથે અને ઓછા સમયમાં આવક મેળવી શકાય છે. આ કાર્યથી ગામડાઓમાં રહેતા ખેડૂતોને પણ આજીવિકા મળી રહે છે. ધંધાદારી વ્યકિત અગર પુરતા માર્કેટિંગ સાથે પોતાનો વ્યવસાય ચલાવી શકે તો ગાયના છાણ–ગોબરમાંથી ફકત એક વર્ષની અંદર જ લાખોપતિ બનવું સંભવ છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# વડિયા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઇ–વડીયા

વડિયા, તા. ૪

વડિયા પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક વડિયા પોલીસ સ્ટેશન ખાતે યોજાઇ હતી જેમાં સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તુષારભાઈ ગણાત્રા, અનિભાઈ મહેતા, ચેતનભાઈ દાફડા, અકિલભાઈ પઠાણ, મુન્નાભાઈ બાદશાહ, પપ્પુભાઈ મોગલ, ભીખુભાઈ વોરા પત્રકારો પણ જોડાયા હતા.

આ તકે વડિયા ગણેશજીની સ્થાપના કરતા યુવાને સખત સુચના આપવામાં આવી હતી કે એક સાથે એક સમયે બધાને વિસર્જન કરવા માટે જવું અને બધાને એક જ જગ્યાએ સુરવો નદીના ચેકડેમ પર વિસર્જન કરવાનું રહેશે.

તો બીજી તરફ મુસ્લિમ સમાજને પણ શાંતિપૂર્વક ઈદની ઉજવણી કરવા માટે અનુરોધ કર્યો હતો.

# વીજપડી ખાતે સ્થાનિક પત્રકારોનુ સન્માન કરાયુ



વિજપડી, તા. ૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વીજપડીનાં પત્રકારોનું સન્માન સમારોહ પૂર્વ સરપંચ, એડવોકેટ યાકુબ રસભર્યા દ્વારા યોજવામાં આવેલ હતો તેઓ દ્વારા જણાવેલ 'મત'ની તારીખ છે, મોતની તારીખ નથી એવુ સુત્ર બનાવીને પ્રચલિત કરનારાં અને મેરાગાંવ મેરા દેશ ની રીતિ–નીતિને વરેલા ૧૯૯૦થી વિજપડી વિકાસ સમિતિ એવું નામ આપીને જાહેરજીવનમાં પ્રવેશી સેવા યજ્ઞ શરૂ કરનારા પૂર્વ સરપંચએ વિજપડીનાં ૮ (આઠ) પત્રકારોને સન્માનિત કરવાનાં સાદા કાર્યક્રમમાં પત્રકારોને સંગઠિત થવા અને જાહેર જનતાનાં હિતમાં હકારાત્મક પત્રકારિત્વ કરવાનું આહવાન કરતા જણાવેલ કે પત્રકારોને પ્રોત્સાહિત કરવાનાં એકમાત્ર હેતુથી સન્માન કાર્યક્રમ ગોઠવેલ છે, તેઓએ જણાવ્યું હતું. પીઢ અને જુના અખબારી પ્રતિનિધિ ફિરોઝભાઈ ફતવાણીએ વયમર્યાદા તબિયતને ધ્યાનમાં રાખી નિવૃત્તિ લેતાં તેઓની નિખાલસ સેવાઓને બીરદાવવામા આવી હતી તાજેતરમાં અખબારી જગતમાં પ્રવેશેલા અનિરૂધ્ધભાઈ ત્રિવેદી (ખડસલીવાળા)નું સન્માન તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ રાઘવજીભાઈ કળસરિયાએ પ્રફુલ્લભાઈ નગદિયાનું સન્માન ઉપસરપંચ પ્રતિનિધિ ભોળાભાઈ બળદાણીયાએ સીનીયર પત્રકારો સર્વ દાદુભાઈ બેલીમનું સન્માન પંચાયતનાં સભ્ય હનીફભાઈ મુલ્તાનીએ, સંજયભાઈ વાઘેલાનું સન્માન એકતા ગ્રુપનાં યુનુસભાઈ પોહારે, સમીરભાઈ ખોખરનું સન્માન એડવોકેટ ગુણવંતભાઈ ગોંડલીયાએ, દિલીપભાઈ વાઘેલાનું સન્માન છગનભાઈ રાવળદેવે તથા રવીકુમાર ડોડીયાનું સન્માન એકતા ગ્રુપના અરવિંદભાઈ આંબલીયાએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન 'રસભર્યા સેવા સમિતિ'નાં ઉપક્રમે સાવરકુંડલાનાં એડવોકેટ યાકુબ રસભર્યાએ કર્યુ હતું તેમ સમીર ખોખર દ્વારા જણાવવામાં આવેલ છે.

# ખાંભા : નાની પેટા સિંચાઈ પંચાયત કચેરી–વિભાગનું સ્થળાંતર

અમરેલી, તા. ૪

ખાંભા ખાતેની નાની પેટા સિંચાઈ પંચાયત કચેરી, નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી– વિભાગનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

હવે નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ ખાંભાને લગતા તમામ પત્ર વ્યવહાર નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ– આનંદ સોસાયટી, પ્લોટ નં. ૧૪૩૮ અમરેલી રોડ, તા.ખાંભા, પિન નંબર ૩૬૫૬૫૦, જિ. અમરેલીના સરનામા પર કરવાનો રહેશે.

નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી, નાની સિંચાઈ પંચાયત પેટા વિભાગ ખાંભાની કચેરીનું ખાંભા બસ સ્ટેન્ડની સામે અને ખાંભા ગ્રામ પંચાયતની બાજુમાંથી ઉક્ત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. તેની સંબંધિત તમામને નોંધ લેવા ખાંભા નાની સિંચાઈ પંચાયત પેટાવિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરએ યાદીમાં જણાવ્યુ છે.

# જલજીલણી એકાદશી અવસરે ગાધકડાના પૌરાણિક રામજી મંદિરથી પાલખી યાત્રા યોજાઈ









ભાદરવા માસની શુકલ પક્ષની એકાદશીએ ઉજવાતી જલજીલણી એકાદશીને વર્ષોથી પરંપરા સાથે ઉજવણી કરવામાં આવે છે. ગાધકડાગામના અતિ પૌરાણિક રામજી મંદિરના પ્રાંગણમાંથી ભગવાન લાલજીની પાલખી યાત્રા ગાધકડાના તમામ વિસ્તારોમાં નીકળી હતી. ભારે ઉત્સાહ સાથ ગ્રામજનોએ પાલખીમાં બિરાજમાન નંદલાલાની પધરામણી કરી ધન્યતા અનુભવી હતી. હિન્દુ ધર્મના ચાતુર્માસ દરમિયાન નિંદ્રામાં પોઢેલા ભગવાન વિષ્ણુને પડખું ફેરવતા દિવસને પરિવર્તની એકાદશી તરીકે પણ મનાવાય છે. તો માતા યશોદાએ આ દિવસે ઘાટનું પુજન કરતા પદ્રા એકાદશી તરીકે પણ ઉજવાતા દિવસને દોલઅગિયારસ તરીકે પણ વર્ણવી છે. સનાતન ધર્મમાં મનાતા અનેક તહેવારો અને તિથિઓમાં જલજીલણી એકાદશીનું મહત્વ અનેરૂ લેખતા તમામ એકાદશીઓ ભગવાન વિષ્ણુને સમર્પિત રહેતા ભગવાન કૃષ્ણના લાલજી સ્વરૂપને શ્રધ્ધાપૂર્વક પાલખીમાં બિરાજમાન કરી નગરચયાએ લઈ જવાય છે. ગાધકડાના રામજી મંદિરમાં વર્ષોથી આ પરંપરાને જાળવતા ગ્રામજનોને આવરી લેતી પાલખીયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જળ જીલાણી સ્કંદપુરાણના વૈષ્ણવખંડમાં વર્ણવેલ એકાદશી મહાત્મ્યમાં આ દિવસનું મહત્વ અનેરૂ છે. વ્રત ધારકને અનેક ફળ આપનારી અને વાજપેય યજ્ઞનું પુણ્ય જેવા લાભ મળતા હોવાનું પણ જણાવાયુ હતું. એમ હાર્દિક ચંદારાણાએ એક યાદીમાં જણાવ્યું હતું.

## અમરેલી જિલ્લામાં ગ્રીન કવર વધારવા સંકલ્પ : પા.પૂ. મંત્રી બાવળીયા

# લાઠી ખાતે ૭૬માં વન મહોત્સવની દબદબાભેર ઉજવણી

પર્યાવરણીય સંતુલન જાળવવા વૃક્ષોનું વાવેતર અનિવાર્ય છે : કુંવરજીભાઈ

પરિવારનાં દરેક સભ્યને એક વૃક્ષનાં વાવેતર અને તેનો ઉછેર કરવાનો સંકલ્પ લેવા અનુરોધ

પાંચ ખેડૂત લાભાર્થીઓને ૧૪,૨૦૦ વૃક્ષોનાં વાવેતર માટે સહાય વિતરણ કરાઈ

અમરેલી જિલ્લામાં ૧૨ હેક્ટરમાં ૧૦ વન કવચનાં નિર્માણની કામગીરી પૂર્ણ કરાઈ



અમરેલી, તા.૪
રાજયના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન તથા નાગરિક પુરવઠામંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને ૭૬મા વન મહોત્સવની ઉજવણીમાં અમરેલી જિલ્લામાં ગ્રીન કવર વધારવાના પુણ્ય સંકલ્પ લેવામાં આવ્યો છે.

લાઠીમાર્કેટિંગયાર્ડખાતેવન મહોત્સવની ઉજવણીમાં સહભાગી બનતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, માનવીય જીવન માટે અદ્વિતીય મહત્વ રહેલું છે, વૃક્ષોનું પ્રમાણ ઘટે તો પર્યાવરણીય અસમતુલા સર્જાય છે. વૃક્ષો જ પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા કાર્બન ડાયોકસાઈડ વાતાવરણમાંથી શોષીને પ્રાણવાયુ ઓકિસજન આપે છે. આ ઓકિસજનનું મહત્વ આપણે કોરોનાકાળમાં સુપેરે

અનુસંધાન પાના ૬ ઉપર

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (પારીવાળા)
નારણ સર્કલ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## કળિયુગનાં દિવસોમાં શિક્ષક પણ બેકાબુ બન્યો

## કોટડાપીઠાની રિધ્ધિ-સિધ્ધિ શાળામાં લંપટ શિક્ષકે વિદ્યાર્થી સાથે કર્યા અડપલા

શાળા આસપાસ અવાવરૂ જગ્યાએ લઈ જઈ કારસ્તાન કર્યુ

અમરેલી, તા. ૪
બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ખેડૂત પરિણીતાનો સગીરવયનો દિકરો કોટડાપીઠા ગામે આવેલ રિધ્ધિ સિધ્ધિ સંકુલમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા મેજિસ્ટ્રેટનાં વોરંટનાં આધારે કાર્યવાહી

## અમરેલી જિલ્લામાં 30 જેટલા ગંભીર ગુન્હાનાં આરોપીની પાસા હેઠળ અટકાયત

ક્રાઈમ બ્રાન્ચે આરોપીને ભૂજ જેલ હવાલે કર્યો

અમરેલી, તા. ૪
અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર

ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
• મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
• સર્જરી વિભાગ
• ઓર્થોપેડિક વિભાગ
• સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
• નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310 શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

Sheetal ICE CREAM
જોઈએ છે
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ
નીચે મુજબના સરનામે ઓરીજનલ
હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81, GIDC એસ્ટેટ, અમરેલી- 365601.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
95,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૪/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

### સદ્‌ગતનું બેસણું



**સ્વ. અરવિંદભાઈ લીંબાભાઈ દુધાત** (ઉ.વ.૬૦)

સ્વ.તા.૦૧-૦૯-૨૦૨૫, સંવત ૨૦૮૧, ભાદરવા સુદ-૯ ને સોમવાર, મુ. ક્રાંકચ

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પૂજય ભાઈશ્રી સ્વ.અરવિંદભાઈ લીંબાભાઈ દુધાત (ઉ.વ.૬૦) ક્રાંકચ નિવાસીનું તા.૦૧-૦૯-૨૦૨૫ના રોજ અક્ષર નિવાસી થયા છે.

લી.

ભુપતભાઈ લીંબાભાઈ દુધાત ( ૯૯૭૮૨ ૨૩૩૪૫)
રમેશભાઈ લીંબાભાઈ દુધાત ( ૯૯૭૯૩ ૦૮૨૬૧)
વિરલભાઈ અરવિંદભાઈ દુધાત (પુત્ર) (૯૫૩૭૯ ૬૬૬૦૦)
કેનિલભાઈ અરવિંદભાઈ દુધાત (પુત્ર) (૯૯૧૩૮ ૩૧૦૭૧)
પ્રતાપભાઈ ભુપતભાઈ દુધાત ( ૯૮૭૯૬ ૦૩૨૦૦)

જનકભાઈ આંબાભાઈ દુધાત
હરેશભાઈ ભુપતભાઈ દુધાત
નટવરભાઈ આંબાભાઈ દુધાત
અરૂણભાઈ ભુપતભાઈ દુધાત
કેયુરભાઈ રમેશભાઈ દુધાત
તથા સમસ્ત દુધાત પરિવારના જયશ્રી કૃષ્ણ

: સદ્‌ગતનું બેસણું :
તા.૫-૯-૨૦૨૫, શુક્રવાર અને તા.૬/૯/૨૦૨૫ શનિવાર
સવારે ૮ : ૦૦ થી ૧ : ૦૦ કલાકે
સ્થળ : મુ.પો.ક્રાંકચ, તા.લીલીયા, જી. અમરેલી ખાતે રાખેલ છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)